અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ જાન્યુઆરી ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૪
વર્ષ : ૧૬
અંક : ૧૯૬
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




# કેન્દ્ર સરકારે આઠમાં પગાર પંચને મંજૂરી આપી

## લાંબા સમયથી રાહ જોઈ રહેલા સરકારી કર્મચારીઓ માટે મોટી ભેટ, ટૂંક સમયમાં કમિટીની રચના અને પ્રક્રિયા શરૂ થશે, પગાર-પેન્શનમાં થશે વધારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

મોદી સરકારે નવા વર્ષના પહેલા જ મહિનામાં કેન્દ્રીય કર્મચારીઓને મોટી ભેટ આપી છે. કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચને મંજૂરી આપી દીધી છે. સરકારના આ નિર્ણયથી કેન્દ્રીય કર્મચારીઓને ઘણો ફાયદો થશે. આપને જણાવી દઈએ કે, સાતમા પગાર પંચની ટર્મ વર્ષ ૨૦૨૬માં પૂર્ણ થઈ રહી છે. જેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચને લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ સિવાય કેન્દ્રીય કેબિનેટે ૩,૯૮૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા ત્રીજા લોન્ચ પેડને પણ મંજૂરી આપી દીધી છે. સરકારના આ નિર્ણયથી અવકાશ સંશોધન અભિયાન (સ્પેસ રિસર્ચ અભિયાન)ને વધુ વેગ મળવાની સંભાવના છે.

કેબિનેટના નિર્ણયોની માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, કેન્દ્ર સરકારે ૮મા પગાર પંચને મંજૂરી આપી



દીધી છે. આઠમુ પગાર પંચ ૨૦૨૬થી લાગુ થશે, આઠમા પગાર પંચના અધ્યક્ષ અને બે સભ્યોના નામની પણ ટૂંક સમયમાં જાહેરાત કરી દેવામાં આવશે.

કેન્દ્ર સરકારના ૧ કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરો ૮મા પગાર પંચની જાહેરાતની લાંબા સમયથી રાહ જોઈને બેઠા હતા. દર ૧૦ વર્ષે નવું પગારપંચ લાગુ કરવાની પરંપરાને કારણે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને આશા હતી કે બજેટ ૨૦૨૫ દરમિયાન ૮મા પગાર પંચની જાહેરાત થઈ શકે છે. જોકે, બજેટ પહેલા જ કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચને મંજૂરી આપી દીધી છે.

કેન્દ્રીય કર્મચારીઓના પગાર માળખામાં ફેરફાર કરવા માટે સરકાર દર ૧૦ વર્ષે પગાર પંચની રચના કરે છે. કેન્દ્રીય કર્મચારીઓનો પગાર તેની ભલામણોના આધારે નક્કી કરવામાં આવે છે. અત્યાર સુધીમાં સાત પગાર પંચની રચના કરવામાં આવી છે. દેશમાં પ્રથમ પગાર પંચની રચના જાન્યુઆરી ૧૯૪૬માં કરવામાં આવી હતી.

આપને જણાવી દઈએ કે, અગાઉના એટલે કે સાતમા પગાર પંચની રચના ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ કરવામાં આવી હતી. આ કમિશનની ભલામણો વર્ષ ૨૦૧૬માં લાગુ કરવામાં આવી હતી. જે બાદ કેન્દ્રીય કર્મચારીઓ આઠમા પગાર પંચની જાહેરાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. રેલવે યુનિયન સહિત ઘણા કેન્દ્રીય સરકારી એકમોએ ૮માં પગાર પંચની માંગ ઉઠાવી હતી.

છેલ્લા પગાર પંચની રચનાને ૧૦ વર્ષથી વધુ સમય વીતી ગયો છે. સામાન્ય રીતે આગામી પગાર પંચ દર ૧૦ વર્ષે રચાય છે. જૂના પગાર પંચની જગ્યાએ નવા પગાર પંચની ભલામણોના અમલીકરણ વચ્ચે સામાન્ય રીતે ૧૦ વર્ષનો ગાળો હોય છે. આ પરિસ્થિતિમાં આઠમા પગાર પંચની રચના જરૂરી બની ગઈ હતી. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સાતમા પગાર પંચની રચના કરવામાં આવી હતી. સાતમા પગાર પંચે લગભગ દોઢ વર્ષ પછી નવેમ્બર ૨૦૧૫માં કેન્દ્ર સરકારને તેની ભલામણો સુપરત કરી હતી. તે પછી ૭મા પગાર પંચની ભલામણો ૧ જાન્યુઆરી, ૨૦૧૬થી અમલમાં આવી, જે હાલમાં પણ અમલમાં છે.

### દિલ્હી વિધાનસભા ચૂંટણી

# ભાજપે જાહેર કરી દીધી ઉમેદવારોની ચોથી યાદી

## ગ્રેટર કૈલાશ વિધાનસભા સીટથી શિખા રાયને ટિકિટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

દિલ્હી ચૂંટણી માટે ભાજપે ચોથી યાદી જાહેર કરી દીધી છે. પાર્ટીએ બાબરપુર વિધાનસભા સીટથી અનિલ વશિષ્ઠને ઉમેદવાર બનાવ્યા છે. પહેલા એવું માનવામાં આવતું હતું કે, આ સીટ પરથી નૂપુર શર્માને મેદાનમાં ઉતારશે. પણ સૂત્રોના જણાવ્યા મુજબ તેમના નામ પર ચર્ચા થઈ નથી.

ભાજપે ગ્રેટર કૈલાશ વિધાનસભા સીટથી શિખા રાયને ટિકિટ આપી છે. તેમની ટક્કર આમ આદમી પાર્ટીના ઉમેદવાર અને મંત્રી સૌરભ ભારદ્વાજ અને કોંગ્રેસના ગર્વિત સાંધવી સાથે થશે. શાહદરાથી સંજય ગોયલ ઉમેદવાર બનાવ્યા છે. તો વળી દિલ્હી કેન્ટથી ભુવન તંવર ઉમેદવાર હશે. આ ઉપરાંત સંગમ વિહારથી પાર્ટીએ ચંદન કુમાર ચૌધરીને ટિકિટ આપી છે. પૂનમ શર્મા વજીરપુરથી ઉમેદવાર હશે. બવાના સુરક્ષિત સીટથી રવિન્દ્ર કુમાર ઉમેદવાર બનાવ્યા છે. ત્રિલોકપુરીથી રવિકાંત ઉજ્જૈન ચૂંટણી મેદાનમાં હશે. ગોકુલપુરથી પ્રવીણ નિમેષને ઉમેદવાર બનાવ્યા છે. આ દરમ્યાન નીતિશ કુમારની પાર્ટી પણ દિલ્હીના ચૂંટણી મેદાનમાં કુદી ચુકી છે.

જેડીયૂએ પાર્ટીના દિલ્હી અધ્યક્ષ શૈલેન્દ્ર કુમારને બુરાડીથી ઉમેદવાર બનાવ્યા છે. જેડીયૂએ પણ સ્પષ્ટ કહી દીધું છે કે, તે ફક્ત એક સીટ પર જ વિધાનસભા ચૂંટણી લડશે. જેડીયૂ ભાજપ સાથે મળીને ચૂંટણી લડશે.

### દિલ્હીવાસીઓને કોંગ્રેસની વધુ બે ગેરન્ટી

# ૩૦૦ યુનિટ વીજળી ફ્રી, ૫૦૦માં સિલિન્ડર અને રેશન કીટ ફ્રી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

દિલ્હી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ થઈ ગયો છે. તમામ રાજકીય પક્ષો દ્વારા જનતાને અનેક વચનો આપવામાં આવી રહ્યા છે. દરેક રાજકીય પક્ષ કોઈપણ ભોગે આ ચૂંટણી જીતવા માંગે છે. જેના કારણે અનેક પ્રકારની જાહેરાતો કરવામાં આવી રહી છે. કોંગ્રેસ પણ આ મામલે પાછળ નથી. આ અંગે ગુરુવારે કોંગ્રેસે જાહેરાત કરી કે જો દિલ્હીમાં કોંગ્રેસ સત્તામાં આવશે તો મોંઘવારી રાહત યોજના હેઠળ ૫૦૦ રૂપિયામાં સિલિન્ડર મળશે અને તેની સાથે રાશન કીટ પણ ફ્રી આપવામાં આવશે. અગાઉ પણ કોંગ્રેસે દિલ્હીમાં રહેતા પૂર્વાંચલ અને બિહારના લોકોને મહાકુંભની જેમ છઠનો તહેવાર ઉજવવાનું વચન આપ્યું હતું. કોંગ્રેસે વચન આપ્યું છે કે છઠ તહેવાર માટે દિલ્હીમાં યમુના કિનારે એક સ્થળ નક્કી કરવામાં આવશે અને તેને જિલ્લો જાહેર કરવામાં આવશે. યમુનાના તે ઘાટનું નામ સ્વ. શ્રીમતી શારદા સિન્હાજીના નામ પર રાખવામાં આવશે.

# લોસ એન્જલસની આગ ફાયર ટોર્નેડોમાં ફેરવાશે

। (એજન્સી) લોસ એન્જલસ, તા.૧૬ ।

અમેરિકાના લોસ એન્જલસની આગ વધુ ભીષણ બની છે અને ભારે પવનના લીધે અગ્નિશામક દળોએ આગ ઓલવવા ભારે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. આગમાં ૨૫ના મોત થઈ ચૂક્યા છે અને શહેરના ૬૦ લાખથી વધુ લોકો આગના ઓથાર હેઠળ છે. આગે દક્ષિણ કેલિફોર્નિયાના મોટા પટ્ટાને આવરી લીધો છે, તેમા લોસ એન્જલસ સિવાયના શહેરોનો પણ સમાવેશ થાય છે. આ સિવાય બીજી મોટી બાબત એ ઉડીને આંખે વળગીને સામે આવી છે કે અમેરિકાના ટોચના દસ શહેરોમાં સ્થાન પામતુંલોસ એન્જલસ બીજા શહેરોની તુલનાએ ફાયરબ્રિગેડનો ઓછો સ્ટાફ ધરાવે છે. આટલું ઓછું હોય તેમ સૂસવાટા મારતો પવન સ્થિતિ વધુને વધુ મુશ્કેલ બનાવી રહ્યો છે અને આગ ફેલાવી રહ્યો છે. આગના લીધે લોસ એન્જલસના લગભગ એક લાખ મકાનો વીજળીવિહીન છે.

### મોડી રાતે ઘરમાં ચોર ઘૂસ્યો

# અભિનેતા સૈફ અલી ખાન પર ચપ્પાં વડે હુમલો

। (એજન્સી) મુંબઈ તા.૧૬ ।

જાણીતા ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાન પર ચપ્પાં વડે હુમલો કરી દેવાની ચકચારી ઘટના સામે આવી છે. આ હુમલામાં અભિનેતા સૈફ અલી ઈજાગ્રસ્ત થયો હતો. માહિતી અનુસાર સૈફના ઘરમાં મોડી રાતે ચોર ઘૂસી ગયો હતો. આ ચોરીની ઘટના બાંદ્રાવાળા બંગ્લોમાં બની હતી. જે દરમિયાન એક ચોરે સૈફ અલી ખાન પર હુમલો કરી દીધો હતો. જેમાં તે ઈજાગ્રસ્ત થયા. હાલમાં તેમની લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડૉક્ટરોએ કહ્યું કે તેને ગળાના ભાગે ૧૦ સેમી.નો ઘા પડી ગયો છે. જોકે તે હજુ ખતરાથી બહાર છે. તેને પીઠ અને હાથ ઉપર પણ ઈજાઓ થઈ છે. માહિતી અનુસાર આ ઘટના સવારે ૩ વાગ્યે બની હતી. એક ચોર સૈફના ઘરમાં ઘૂસી આવ્યો હતો.



આ દરમિયાન અમુક નોકર ઊંઘમાંથી ઊઠી એલર્ટ થઈ ગયા અને ચોર ચોરની બૂમ પાડવા લાગ્યા. તે સમયે સૈફ અલી પણ ઊંઘમાંથી જાગી ગયો અને ચોરને પકડવા દોડ્યો હતો. આ દરમિયાન ચોરે સૈફ પર ચપ્પાં વડે હુમલો કરી દીધો જેમાં સૈફ ઈજાગ્રસ્ત થયો હતો. સૈફ અલી ખાનની ટીમના જણાવ્યાનુસાર હાલમાં સૈફ અલી ખાનની સર્જરી ચાલી રહી છે. તેને બે ત્રણ ઈજાઓ થઈ છે જેમાંથી ગળાના ભાગે લાંબો ચીરો પડી ગયાની માહિતી છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે કાર્યવાહી કરતાં ઘરના અમુક કર્મચારીઓની અટકાયત કરી હતી અને તેમની પૂછપરછ શરૂ કરી હતી. મળતી માહિતી અનુસાર હજુ ૩ લોકોની આ મામલે અટકાયત કરવામાં આવી છે. પોલીસ પૂછપરછ કરવા માટે આ લોકોને સાથે લઈ ગઈ છે. જ્યારે આ ઘટના વિશે ઘરના નોકર અને સભ્યોને જાણકારી મળી તો તેઓ ડરી ગયા અને ઉતાવળે સૈફને હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. તેમને લીલાવતી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. હાલ તેમને દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે. જોકે ઘટના બાદથી ચોર ફરાર થઈ ગયા હતા. મુંબઈ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમને ઘટનાની જાણ થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી અને ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા હતા.

### આમ કરનારો ચોથો દેશ બન્યો ભારત

# ઈસરોએ અંતરિક્ષમાં જોડી દીધા બંને સેટેલાઈટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો)એ ગુરુવારે ફરી એકવાર ઈતિહાસ રચી નાખ્યો છે. ઈસરોએ **SpaDeX** (સ્પેસ ડોકિંગ એક્સસર્સાઈઝ) મિશન હેઠળ બે સેટેલાઈટને સફળતાપૂર્વક ડોક કરવાની પ્રક્રિયા પૂરી કરી છે. અમેરિકા, રશિયા, અને ચીન બાદ ભારત ચોથો એવો દેશ બન્યો છે જેણે આ સિદ્ધિ મેળવી છે.

આ અગાઉ ઈસરોએ બે વાર ડોકિંગનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ટેક્નિકલ સમસ્યાઓના કારણે ૭ અને ૯ જાન્યુઆરીએ શક્ય બન્યું નહતું. ૧૨ જાન્યુઆરીએ ઈસરોએ સેટેલાઈટને ૧૫ મીટર અને ૩ મીટરના અંતર સુધી લાવવામાં સફળતા મેળવી હતી. ઈસરોએ કહ્યું હતું કે ૧૫ મીટર અને પછી ૩ મીટર સુધીના અંતરને સફળતા પૂર્વક અચીવ કરાયું. ત્યારબાદ સેટેલાઈટને સુરક્ષિત અંતર પર લઈ જવામાં આવ્યા. ડેટાનું વિશ્લેષણ કર્યા બાદ ડોકિંગની પ્રક્રિયા પૂરી કરાશે.

**SpaDeX** મિશનને ઈસરોએ ૩૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ લોન્ચ કર્યુ હતું. જેમાં બે નાના સેટેલાઈટ **SDX01** (ચેસર) અને **SDX02** (ટાર્ગેટ)-ને પૃથ્વીની નીચેની કક્ષામાં સ્થાપિત કરાયા હતા. આ મિશનનો હેતુ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમ માટે ડોકિંગ ટેક્નોલોજીનું પ્રદર્શન કરવાનો છે. ડોકિંગ ટેક્નોલોજીની ચંદ્રયાન-૪ જેવી મિશનમાં જરૂર પડશે. જેમાં ચંદ્રમાથી સેમ્પલ લઈને પૃથ્વી પર પાછા લાવવાના છે. આ ઉપરાંત ભારતના અંતરિક્ષ સ્ટેશન ભારતીય અંતરિક્ષ સ્ટેશનની સ્થાપના માટે પણ આ ટેક્નોલોજી મહત્વની રહેશે, જેને ૨૦૨૮ સુધીમાં લોન્ચ કરવાની યોજના છે.

# લગ્ન સિઝન શરૂ થતાં જ સોનાના ભાવમાં થયો વધારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

લગ્નની મોસમમાં બુલિયન બજારમાં ઉતાર-ચઢાવ ચાલુ રહે છે. આ ઉતાર-ચઢાવ વચ્ચે ગુરુવારે (૧૬ જાન્યુઆરી) સોનાની ચમક ફરી વધી ગઈ છે. બજાર ખુલતાની સાથે જ સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧૧૦ રૂપિયા મોંઘુ થઈ ગયું. તે જ સમયે, જો આપણે ચાંદીની વાત કરીએ તો તેની કિંમતમાં પણ વધારો થયો છે. ચાંદી પ્રતિ કિલો ૧૦૦૦ રૂપિયા મોંઘી થઈ ગઈ છે. ગુરુવારે બુલિયન માર્કેટમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧૧૦ રૂપિયા વધીને ૮૦૨૨૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો છે.

### હમાસ ગાઝામાં બંધક બનાવાયેલા ઈઝરાયેલી નાગરિકોને મુક્ત કરશે

# ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૧૫ મહિના જૂની લડાઈ રોકવા સહમતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

છેલ્લાં ૧૫ મહિનાથી ઈઝરાયેલ અને પેલેસ્ટેનિયન આતંકી જૂથ હમાસ વચ્ચે ચાલી રહેલી લડાઈનો અંત લાવવા બંને પક્ષો સહમત થયાં છે. બંને પક્ષો વચ્ચે થયેલી યુદ્ધવિરામની સમજૂતિ મુજબ હમાસ ગાઝામાં બંધક બનાવાયેલા ઈઝરાયલી નાગરિકોને મુક્ત કરશે. સામે પક્ષે બદલામાં ઈઝરાયલ પણ હમાસના લોકોને પણ મુક્ત કરશે. જો કે, યુદ્ધવિરામ અંગે સત્તાવાર જાહેરાત હજુ થવાની બાકી છે. અમેરિકાના નવા ચૂંટાયેલાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૨૦મી જાન્યુઆરીએ યોજાનારા શપથગ્રહણ પૂર્વે થયેલી યુદ્ધવિરામ અંગેની આ સમજૂતી ઈજિપ્ત અને કતારના મધ્યસ્થીઓ દ્વારા છેલ્લાં કેટલાંક મહિનાઓથી કરાઈ રહેલી મંત્રણાનું પરિણામ છે.હમાસ સૌપ્રથમ ૧૯ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓ અને યુવાનોને મુક્ત કરશે.

ગાઝા ડીલનો પહેલો તબક્કો ૪૨ દિવસ ચાલશે, જેમાં હમાસ લગભગ ૩૪ બંધકોને મુક્ત કરશે. બંને પક્ષો વચ્ચે થયેલી યુદ્ધવિરામની સમજૂતી અંગે પ્રતિક્રિયા આપતાં અમેરિકાના નવા ચૂંટાયેલાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, ચૂંટણીમાં તેમના વિજયને કારણે આ શક્ય બન્યું છે. ટ્રમ્પે કહ્યું કે ગાઝામાં યુદ્ધવિરામ સમજૂતી થઈ ગઈ છે. તેમણે સોશિયલ મીડિયા પર કહ્યું- અમે મધ્ય પૂર્વમાં બંધકો માટે કરાર કર્યો છે. તેમને ટૂંક સમયમાં જ મુક્ત કરવામાં આવશે. અલઝઝીરાના અહેવાલ મુજબ, કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન બિન જાસિમ અલ થાની બુધવારે હમાસ અને ઈઝરાયલના પ્રતિનિધિઓને મળ્યા હતા, જે બાદ આ ડીલ પૂર્ણ થઈ હતી.

ગાઝામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી યુદ્ધ ચાલી રહ્યું છે. જેમાં બંને પક્ષના ૪૭ હજારથી વધુ લોકો માર્યા ગયા.અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને ચેતવણી ઉચ્ચારી હતી કે, 'જો હમાસ બંધકોને મુક્ત નહીં કરે તો અમે મિડલ-ઈસ્ટને નરક બનાવી દઈશું.' હાલ યુદ્ધવિરામના ડ્રાફ્ટ પર હમાસની મંજૂરીને ટ્રમ્પની ચેતવણીના પ્રભાવ સ્વરૂપે પણ જોવામાં આવી રહ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### ગાંધીનગરના સેક્ટર ૪માં પતંગ લૂંટવાની સામાન્ય બાબતે મોટી બબાલ સર્જાયી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાતભરમાં ઉત્તરાયણના તહેવાર દરમિયાન પતંગરસિકો હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી રહ્યા છે, ત્યારે ગાંધીનગરના સેક્ટર ૪માં પતંગ લૂંટવાની સામાન્ય બાબતે મોટી બબાલ સર્જાય છે. જેમાં લોકો એકબીજા પર ડંડા લઈને તૂટી પડ્યા હતી. સમગ્ર ઘટના પગલે પોલીસ ઘટના સ્થળે દોડી આવતા ટોળુ વિખેરાયુ હતું અને મામલો ઠાળે પડ્યો હતો. ઉત્તરાયણ પર્વની ઠેર-ઠેર ઉજવણી ચાલી રહી છે. કેટલાક પતંગ ચગાવવામાં મગ્ન છે તો અમુક પતંગ લૂંટવામાં ભાગદોડ કરતા જોવા મળશે, ત્યારે ગાંધીનગરના સેક્ટર ૪માં પતંગ લૂંટવાની સામાન્ય વાતમાં રહેણાક બોર્ડિંગ અને તેની પાસે રહેલા લોકો વચ્ચે ધીંગાણુ સર્જાયુ હતું. સમગ્ર ઘટનામાં કેટલાક શખસો લાકડી સહિતના હથિયાર સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. ઘટના મામલે જાણ થતાની સાથે પોલીસ સ્થળ પર દોડી આવી પહોંચી હતી.

### જામજોધપુરમાં પતંગ લૂંટતા તરુણનો વીજ શોક લાગતાં મૃત્યુ

। (એજન્સી) જામનગર, તા.૧૬ ।

જામનગરમાં જામજોધપુરમાં પતંગ લેવા માટે ગયેલા ૧૪ વર્ષના એક તરુણનું વીજ આંચકો લાગતાં મૃત્યુ નીપજયું છે. એક વાડીના શેઢે પતંગ લેવા જતાં તેમાં ગોઠવેલા ચાલુ વીજ પ્રવાહીસાથેના વિજતારમાંથી એકાએક તરુણને વિજ આંચકો લાગ્યો હતો અને તેનું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે વાડીની ફરતે વીજ પ્રવાહ ચાલુ કરી દેનાર વાડી માલિક સામે ગુનો નોંધાયો છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગતે એવી છે કે જામજોધપુરમાં હીના મીલ પાસે પાટણ રોડ પર રહેતા રામાભાઈ કાનાભાઈ રબારીનો ૧૪ વર્ષનો પુત્ર વિજય કે જે ગઈકાલે મકરસંક્રાંતિના પર્વના દિવસે એક કપાયેલો પતંગ લેવા માટે દોડયો હતો, અને ચંદુભાઈ ઠાકરશીભાઈ બકોરી નામના ખેડૂતની વાડીના શેઢે કાંટાળી તાર માં પતંગ ફસાયો હોવાથી કાઢવા જતાં કાંટાળી તારમાં વીજ પ્રવાહ ચાલુ કરી દેવાયો હોવાથી તેનું બનાવના સ્થળે મૃત્યુ નીપજ્યું હતું.આ બનાવ અંગે મૃત બાળકના પિતા રામભાઈ રબારીએ જામજોધપુર પોલીસ મથકમાં ખેડૂત ચંદુભાઈ બકોરી સામે વાડીને ફરતે કાંટાળી તારમાં વીજ પ્રવાહ ગોઠવી દઈ પોતાના પુત્રનું મૃત્યુ નીપજાવવા અંગેની ફરિયાદ નોંધાવતાં જામજોધપુર પોલીસે ખેડુત ચંદુભાઈ બકોરી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ મુજબ ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

### શાહપુરમાંથી ૧.૨૯ લાખની કિંમતની પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે બે આરોપી ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

ઉતરાયણમાં ચાઈનીઝ દોરીના વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ હોવાછતા કેટલાક શખ્સો આ પ્રકારની જીવલેણ દોરી વેચતા હોય છે. જેમાં શાહપુર પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે બે શખ્સોને ઝડપી લીધા હતા. ડીસીપી ઝોન-૨ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન કાલુપુરમાં હેબન સૈયદની દરગાહ સામે પઠાણવાડ ખાતે રહેતા મેહસીન એસ. સિપાહી(૨૭) અને કાલુપરમાં જૈનબ એવન્યુ ફ્લેટમાં રહેતા મોહમ્મદ સઈદ જી.મન્સુરીની ધરપકડ કરી હતી. તેમની પાસેથી પોલીસે રૂ. ૧,૨૯,૦૦૦ ની કિંમતના પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૫૧૨ રીલ તથાબે મોબાઈલ ફોન મળીને કુલ રૂ. રૂ. ૧,૩૪,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# અમદાવાદ ડિવિઝનના ૫ રેલ્વે અધિકારીઓ અને ૮ રેલ્વે કર્મચારીઓને વિશિષ્ટ રેલ્વે સેવા પુરસ્કારથી સન્માનિત કરાયા









। અમદાવાદ, તા.૧૬ ।

પશ્ચિમ રેલવેના ૬૯મા રેલ્વે સપ્તાહની ઉજવણીના પ્રસંગે વિશિષ્ઠ રેલ સેવા પુરસ્કાર (VRSP) ૨૦૨૪નું આયોજન ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યશવંતરાવ ચવ્હાણ ઓડિટોરિયમ, મુંબઈમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્રએ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ પશ્ચિમ રેલવેના ૯૨ અધિકારીઓ અને કર્મચારીઓને તેમની વિશેષ રેલવે સેવા પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. જેમાં અમદાવાદ ડિવિઝનના ૫ અધિકારીઓ અને ૮ રેલ્વે કર્મચારીઓને વર્ષ ૨૦૨૪માં પોતપોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ કાર્યક્ષમતા મેડલ અને મેરિટ સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાપ્રબંધક,પશ્ચિમ રેલવે,અમદાવાદ ડિવિઝન દ્વારા જે અધિકારીઓને એવોર્ડ આપવામાં આવ્યા તેમાં શ્રી રાષ્ટ્રદીપ-વરિષ્ઠ મંડળ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર, શ્રી અનુરાગ સિંઘ - ડિવિઝનલ ઈલેક્ટ્રિક એન્જિનિયર, શ્રી સૌમિત્ર સિંહા - ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, શ્રી પંકજ તિવારી - ડિવિઝનલ પરિચાલન પ્રબંધક, શ્રી સંજય પૂનમચંદ ચૌધરી - સહાયક સુરક્ષા આયુક્ત અને કર્મચારીઓમાં શ્રી મુકેશ કુમાર બૈરવા - વરિષ્ઠ સેક્શન ઈજનેર, શ્રી નિશાંત અનિલ કુમાર - વરિષ્ઠ સેક્શન ઈજનેર, શ્રી મિહિર. ટાટુ



- સિનિયર સેક્શન એન્જિનિયર, શ્રીમતી અંજુ એન ગુલાટી-મુખ્ય કાર્યાલય અધિક્ષક, શ્રી અંજની કુમાર-સિનિયર સેક્શન એન્જિનિયર, શ્રી ઉપેન્દ્ર ત્રિપાઠી - ચીફ લોકો ઈન્સ્પેક્ટર, શ્રી જીગર દિવાનજી - સિનિયર ગુડ્સ ટ્રેન મેનેજર, શ્રી અમિત કુમાર વોરા –મુખ્ય નિયંત્રક સમાવેશ થાય છે. આ એવોર્ડ સમારંભનું આયોજન પશ્ચિમ રેલવેના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમની મહેનત અને સમર્પણને માન્યતા આપવા માટે દર વર્ષે આયોજીત કરવામાં આવે છે. જે હંમેશા પડકારોનો સામનો કરવા તત્પર રહેછે આવા કુશળ અધિકારીઓ અને કર્મચારીઓમાંથી પસંદગીના કેટલાકને તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવે છે.

ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ વિશિષ્ટ રેલ્વે સેવા પુરસ્કાર મેળવનાર અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવતા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પોતપોતાના ક્ષેત્રનું કામ પૂર્ણ સમર્પણ અને મહેનતથી કરવા અપીલ કરી છે જેથી વધુને વધુ લોકો આ સેવાનો લાભ લઈ શકે. ડિવિઝનના વધુથી વધુ અધિકારીઓ અને કર્મચારીઓને ડિવિઝનલ, ઝોનલ અને રેલ્વે બોર્ડ કક્ષાએ સન્માન મળવું જોઈએ અને અમદાવાદ ડિવિઝન સતત વિકાસના માર્ગે આગળ વધતું રહે.

# મંદી અને મોંઘવારીનો પેચકાપીને સુરતીઓએ ઉત્સાહ-ઉમંગથી ઉતરાયણની કરી ઉજવણી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

ઉત્સવ પ્રિય સુરતીઓ માટે ઉતરાયણનો તહેવારનો ભારે ઉત્સાહ હોય છે તેમાં પણ આ વખતે ૧૪ જાન્યુઆરીના રોજ પવને સાથ આપતા સુરતીઓએ મોંઘવારીની પેચ કાપીને ઉત્સાહભેર ઉતરાયણની ઉજવણી કરી હતી. સુરતમાં ઉતરાણ સાથે વાસી ઉત્તરાયણનુ મહત્વ પણ વધુ હોય છે. આ વર્ષે ઉતરાયણની આગળ પાછળ રજા જોડાતી ન હોવા છતાં મંગળવારની ઉતરાયણની સુરતીઓએ મન મુકીને મઝા માણી હતી અને આજે બુધવારે પણ અનેક ધાબા પર ઉત્તરાયણનો માહોલ જોવા મળ્યો હતો. સુરતમાં દિવસે પતંગબાજીથી તો રાત્રીના આતાશબાજી વિવિક કલરોથી આકાશ ઉભરાયું હતું. દિવસ દરમિયાન રંગબેરંગી પતંગોથી આકાશ ઉભરાયું હતું. જ્યારે અંધારુ થતાંની સાથે જ દિવાળી જેવો માહોલ બની ગયો હતો અને અનેક જગ્યાએ આતશબાજી અને ફટાકડા ફૂટ્યા હતા.

ગઈકાલ મંગળવારે ઉતરાયણના દિવસે સુરતમાં વહેલી સવારથી જ રહેણાંક સોસાયટીના મકાન અને એપાર્ટમેન્ટના ટેરેસ પર સુરતીઓ પતંગ ફીરકી લઈ પહોંચી ગયા હતા. અનેક શોખીન લોકોએ ટેરેસ પર ડીજે અને સ્પીકર જેવા ઉપકરણ મૂકીને પોતાના મનપસંદ ગીત મૂકવાનું શરૂ કરી દીધું હતું. પોતાનું પસંદગીનું મ્યુઝિક અને પવનના સાથના કારણે સુરતીઓની ઉતરાયણની ઉજવણી ભવ્ય બની ગઈ હતી.

મંગળવારે ઉતરાયણના દિવસે સુરતીઓએ પવનના સથવારે મન મુકીને પતંગ ચગાવ્યા હતા જેના કારણે દિવસ દરમિયાન સુરતનું આકાશ વિવિધ કલર અને વિવિધ આકારના પતંગોથી ઉભરાયેલું જોવા મળ્યું હતું. જોકે,સૂરજ અસ્ત થતાંની સાથે જ સુરતમાં ઉતરાયણ નહીં પરંતુ દિવાળી હોય તેવો માહોલ ઉભો થયો હતો.

દિવસ દરમિયાન પતંગ ચગાવતા સુરતીઓ રાત્રિના સમયે સુરતીઓએ આતશબાજી અને ફટાકડા એવી રીતે ફોડ્યા હતા કે સુરતનું આકાશ આતશબાજીથી ભરાઈ ગયું હતું. સુરતમાં વાસી ઉતરાયણનો પણ ભારે ક્રેઝ છે પરંતુ આ વર્ષે વાસી ઉતરાયણ સપ્તાહના કામ કાજના દિવસ એવા બુધવારે હોવા છતાં પણ સુરતીઓ વહેલી સવારથી જ પહોંચીને પતંગ ચગાવવાનું શરૂ કરી દીધું હતું. જેના કારણે આજે પણ ઉતરાણ હોય તેવા પતંગ સુરતમાં ચગતા જોવા મળી રહ્યાં છે.

### ૧૦૮ એમ્બ્યુલન્સ સતત દોડતી રહી

# ઉત્તરાયણના દિવસે ઇમરજન્સી કેસમાં વધારો, ૧૦૮ સેવાને ૪૯૪૭ ઇમરજન્સી કોલ મળ્યા

### અમદાવાદમાં 37 લોકોને દોરીથી ઇજાઓ પહોંચી હતી, જેમાં 34 દર્દીઓને સારવાર બાદ ડિસ્ચાર્જ કર્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાતમાં મકરસંક્રાંતિના પર્વ પર ૧૦૮ એમ્બ્યુલન્સ સતત દોડતી રહી હતી. ૧૦૮ને ૪૯૪૭ જેટલા ઈમરજન્સી કૉલ મળ્યા હતા. જે ગત વર્ષે આજ સમયગાળાની સરખામણીમાં ૩૪૫ વધુ છે. આ દરમિયાન આજે પતંગની દોરીથી ગળું કપાઈ જવા, ધાબા પરથી પડી જવા, પતંગ લૂંટવા જતા અકસ્માત જેવા અલગ-અલગ બનાવોમાં બાળકો સહિત અનેક લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ઉતરાયણના દિવસે ઈમરજન્સી કેસમાં વધારોમાં વધારો થયો છે. ૧૦૮ સેવાને ૪૯૪૭ ઈમરજન્સી કોલ મળ્યા હતા જેને લઈને સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી કેસમાં વધારો થયો છે. OPDમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સતત દોડતી રહી હતી. અમદાવાદમાં ૩૭ લોકોને દોરીથી ઈજાઓ પહોંચી હતી, જેમાં ૩૪ દર્દીઓને સારવાર બાદ ડિસ્ચાર્જ કર્યા છે. જ્યારે દર્દીને ૪ એડમિટ કરવાની ફરજ પડી હતી. રાજ્યમાં ૧૪૩ લોકો દોરીથી ઈજાગ્રસ્ત થયા છે. ધાબા પરથી પડવાના ૧૦થી વધુ કેસ નોંધાયા છે. જો જિલ્લા પ્રમાણે ઈમરજન્સી કોલની વિગતો જોઈએ તો, અમદાવાદમાં સૌથી વધુ ૭૩૨ કૉલ નોંધાયા છે. આ સિવાય સુરતમાં ૩૨૦, રાજકોટમાં ૨૩૫, વડોદરામાં ૨૩૪, ભાવનગરમાં ૧૫૭, પંચમહાલમાં ૧૩૪, દાહોદમાં ૧૩૦, ગાંધીનગરમાં ૧૧૮, વલસાડમાં ૧૧૩ અને જામનગર જિલ્લામાંથી ૧૦૮ની ટીમે ૧૦૪ ઈમરજન્સી કૉલ રિસીવ કર્યાં છે. આખા દિવસ દરમિયાન ટૂ-વ્હીલર અકસ્માતના ૫૮૫ અને ફૉર વ્હીલર અકસ્માતના ૧૭૨ કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. જે પૈકી અમદાવાદમાં સૌથી વધુ અનુક્રમે ૮૭ અને ૩૪ કૉલ નોંધાયા છે. આ સિવાય આજે ઉત્તરાયણના દિવસ દરમિયાન ધાબા પરથી પડવા સબંધિત ૨૮૪ કૉલ રિસીવ કરવામાં આવ્યા છે. જે પૈકી અમદાવાદમાં સૌથી વધુ ૭૬ કોલ નોંધાયા છે. જ્યારે મારામારી સબંધિત કુલ ૨૪૨ કોલ રિસીવ કરવામાં આવ્યા છે, જે પૈકી અમદાવાદમાં સૌથી વધુ ૫૭ નોંધાયા છે. આ સિવાય ૧૦૮ ઈમરજન્સીએ શ્વાસ સબંધિત કુલ ૧૮૩ કોલ એટેન્ડ કર્યા હતા, જેમાં સૌથી વધુ ૫૦ કોલ માત્ર અમદાવાદમાંથી જ આવ્યા હતા.

### અમદાવાદ ફ્લાવર શોએ ફરી તોડ્યો રેકોર્ડ

# ઉત્તરાયણના દિવસે એક જ દિવસમાં એક લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી

### અત્યાર સુધી સૌથી વધુ મુલાકાતીઓનો ઘસારો મંગળવારે જોવા મળ્યો હતો, જેના કારણે ઉત્તરાયણ પર્વ નિમિત્તે છસ્ઝ તિજોરી છલકાઈ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શોમાં ઉત્તરાયણના દિવસે રેકોર્ડ બ્રેક લોકોએ મુલાકાત લીધી છે. ફ્લાવર શોમાં ઉત્તરાયણના દિવસે એક જ દિવસમાં એક લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. અત્યાર સુધી સૌથી વધુ મુલાકાતીઓનો ઘસારો મંગળવારે જોવા મળ્યો હતો. જેના કારણે ઉત્તરાયણ પર્વ નિમિત્તે AMC તિજોરી છલકાઈ છે. કુલ ૧,૦૧,૮૮૯ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લેતાં છસ્ઝના તિજોરીમાં એક જ દિવસમાં ૮૬ લાખ રૂપિયા આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શો ૨૦૨૫માં ઉત્તરાયણના દિવસે ઐતિહાસિક ભીડ જોવા મળી હતી. જેમાં મુલાકાતીઓની સંખ્યા પહેલી વાર એક જ દિવસમાં ૧,૦૦,૦૦૦ને વટાવી ગઈ હતી. ૧૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ કુલ ૧,૦૧,૮૮૯ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી. જે ટિકિટ ખરીદ્યા પછી એક દિવસમાં સૌથી વધુ મુલાકાતીઓનો આંકડો હતો. વધુમાં, ૧૨ વર્ષથી ઓછી ઉંમરના ૩૦,૫૬૭ બાળકો (મફત પ્રવેશ) એ પણ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી.

# 'ખેલો ઈન્ડિયા' યોજનાના સથવારે ખો-ખોના ખેલાડી તરીકે ડાંગ અને ગુજરાતનુ ગૌરવ વધારતી ઓપીના ભિલાર

। (માહિતી) ડાંગ ।

ભારત ભૂમિની માટીની ખુશ્બુ આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલ પ્રેમીઓ તથા ખેલાડીઓને તરબતર કરી રહી છે ત્યારે, રાજ્યના છેક છેવાડે આવેલા, અને તેમાંયે અંતરિયાળ વિસ્તારના સુબિર તાલુકાના છેલ્લા ગામ એવા 'બિલિઆંબા' ગામને ગૌરવ અપાવતા અહીંની એક યુવતિએ, ખો ખો વર્લ્ડ કપની રાષ્ટ્રીય ટીમમા ભાગ લઈ ડાંગની માટીની મહેક, સમગ્ર વિશ્વમા પ્રસરાવી છે. 'માટી થી મેટ' સુધી પહોંચેલી ભારતની ગ્રામીણ રમત એવી ખો ખો ને વૈશ્વિક સ્તરે લઈ જવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નની પૂર્તિ સમાન 'ખો ખો વર્લ્ડ કપ' ચારેકોર ધૂમ મચાવી રહ્યો છે. ઠેર ઠેર થી 'ખો' નો નાદ સંભળાઈ રહ્યો છે. ત્યારે, ખો ખો ના સથવારે વિશ્વ ફલક ઉપર પોતાનુ નામ અંકિત કરનારી ડાંગની દિકરી ઓપીના ભિલારની કારકિર્દી ઉપર એક નજર કરીએ, તે પ્રાસંગિક લેખાશે. સ્વામી વિવેકાનંદ નોન રેસિડેન્સીયલ સેન્ટર ઓફ એક્સિલન્સી, ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ, વ્યારા, જિ.તાપીના એક ખેલાડી તરીકે તાલીમબદ્ધ થઈ, ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના નાનકડા ગામ એવા બિલિઆંબાની કુ.ઓપીના દેવજીભાઈ ભિલારે, શરૂઆતના દિવસોમા ખૂબ જ સંઘર્ષ સાથે ગામની શાળામા ધોરણ-૧ થી ૮ સુધીનો અભ્યાસ કર્યો હતો. અહીં જ ખો ખો ના બીજનુ વાવેતર થવા સાથે, તેનુ જતન અને સંવર્ધન થવા પામ્યુ હતુ, અને અહીં જ તેણીના ગુરુજનો સર્વશ્રી વિમલ ગામિત અને રસિક પટેલે આ ખેલાડીની પ્રતિભાને પારખી, તેને પોંખી, ખો ખો ના ફલક સુધી ઉડાન ભરવાની પાંખો પુરી પાડી હતી. બિલિઆંબામા ખો ખો ની પ્રાથમિક તાલીમ સાથે ઓપીના, સ્વામી વિવેકાનંદ નોન રેસિડેન્સીયલ સેન્ટર ઓફ એક્સિલન્સી યોજના હેઠળ સંચાલિત ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ, વ્યારા, જિ.તાપીના એક ખેલાડી તરીકે હાલ તેની કારકિર્દીને સીંચી રહી છે. ઓપીના એ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ચાલતી ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ સ્કૂલ યોજના હેઠળ વર્ષ ૨૦૧૭/૧૮ સુધી તેણીના કોચ શ્રી સુનિલભાઈ બી મિસ્ત્રીના હાથ નીચે ઘનિષ્ઠ પ્રશિક્ષણ મેળવ્યુ છે. જ્યારે વર્ષ ૨૦૧૯/૨૦થી કોચ શ્રી સંજયભાઈ કોસાડાના માર્ગદર્શન હેઠળ, અને સ્વામી વિવેકાનંદ નોન રેસીડેન્સીયલ સેન્ટર ઓફ એક્સિલન્સી, બિનનિવાસી



યોજનાના લાભાર્થી તરીકે પોતાને આંતરરાષ્ટ્રીય ખેલાડી તરીકે તૈયાર કરી છે. ઓપીના, ડીસ્ટ્રીક લેવલ સ્પોર્ટ સ્કૂલ ખાતે કાર્યરત રહી તાલીમ મેળવી, વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ સુધી 'ખેલો ઈન્ડિયા' સ્કીમનો પણ લાભ મેળવી ચૂકી છે. અહીંથી તેણીએ ૧૪ જેટલી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમા ભાગ લઈ, ત્રણ સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ પણ પ્રાપ્ત કર્યા છે. આ ઉપરાંત ગુજરાતની ખો ખો ટીમની કેપ્ટન એવી કુ.ઓપીના એ, ૪ જેટલી રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમા ગોલ્ડ મેડલ પણ પ્રાપ્ત કર્યા છે. જેમા તેણીના કોચ શ્રી સુનિલભાઈ મિસ્ત્રી અને કોચ શ્રી સંજયભાઈ કોસાડાનુ બમૂલ્ય યોગદાન રહેવા પામ્યુ છે. કુ.ઓપીના દેવજીભાઈ ભિલાર એ, હાલે દાબુ કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ-વ્યારા (તાપી) ખાતેથી ગ્રેજ્યુએટ થઈ, એમ.એ. નો અભ્યાસ પૂર્ણ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, કોલેજકાળ દરમિયાન થયેલી છઝ્રન ઈન્જરીને કારણે તેણીના ઘુટણનુ ઓપરેશન કરાવવાની ફરજ પડી હતી. ત્યારે ઓપીનાની સારવાર અને ઓપરેશનનો સંપૂર્ણ ખર્ચ, શ્રી સંજયભાઈ કોસાડા અને આ જ કોલેજ પરિવાર દ્વારા કરવામા આવ્યો હતો. આ ઓપરેશન અને રિકવરી બાદ ઉભા થતા ઓપીના, બે ઓલ ઈન્ડિયા કોમ્પિટિશન, બે નેશનલ ગેમ, અને સિનિયર નેશનલ ગેમ્સ રમી ચુકી છે. જ્યાંથી ફરી આરંભાયેલી ખો ખો ની આ સફર, આંતરરાષ્ટ્રીય ફલક સુધી વિસ્તરવા પામી છે. દિલ્હીના આ વર્લ્ડ કપ દરમિયાન મૂળ વડોદરાના એવા ખો ખો ફેડરેશનના એક્ઝિક્યુટિવ મેમ્બર્સ શ્રી સંતોષ ગરૂડની સહાયતા પણ ઓપીના ને પ્રાપ્ત થઈ રહી છે. દિલ્હી ખાતે રમાઈ રહેલા 'ખો ખો વર્લ્ડ કપ' બાદ અર્જુન એવોર્ડ વિજેતા અને પદ્મશ્રી સુશ્રી પી.ટી.ઉષાને પોતાનો આદર્શ માનતી ઓપિના, સને ૨૦૩૬ના ભારતમા યોજાનારા ઓલિમ્પિક ની સફરે પ્રસ્થાન કરે, તે પહેલા પ્રથમ 'ખો ખો વર્લ્ડ કપ' નો સ્વર્ણ પદક ભારતના નામે કરી આગળનો માર્ગ કંડારાશે, તેમ તેણીએ દુરવાણી ઉપર થયેલી એક વાતચીત દરમિયાન જણાવ્યુ હતુ. દરમિયાન ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ, અને ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલે પણ ડાંગની દીકરીને શુભકામનાઓ પાઠવી છે. તો ઓપીના ભિલારે પણ સૌ ખો ખો ખેલાડીઓ, અને ગુજરાત ખો ખો એસોસિએશન, ગુજરાતના કોચ, તેણીના શુભેચ્છકો અને આશીર્વાદ પાઠવનારાઓ તથા ગુજરાત સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે. ઓપીના ભિલારે તેના કોચ શ્રી સુનિલ મિસ્ત્રી, અને એક્ઝિક્યુટિવ મેમ્બર્સ શ્રી સંતોષ ગરુડનુ, ગુજરાતના ખેલાડીઓ પૈકી એટલિસ્ટ કોઈ એક ખેલાડી ભારત વતી રમે તેવા તેમના સ્વપ્નની પૂર્તિ થઈ છે, જેનો વિશેષ આનંદ વ્યક્ત કર્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



શ્રીનગરના લાલ ચોક ખાતે 'કાશ્મીરથી કન્યાકુમારી' સાયકલ અભિયાનના સહભાગીઓ રાષ્ટ્રધ્વજ પકડીને ફોટોગ્રાફી માટે પોઝ આપ્યો હતો આ અભિયાન 'પ્રદૂષણ મુક્ત ભારત' અભિયાનના ભાગ રૂપે હાથ ધરવામાં આવ્યું છે.

### બુમરાહે અફવાહો પર ગિલ્લી ઉડાવી

# બુમરાહ ઈજાના કારણે ટેન્શન ફ્રી છે અને ટૂર્નામેન્ટમાં વાપસી કરી શકે છે

## બુમરાહે આવી અફવાહોનો ભાંડાફોડ કરીને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખીને ખળભળાટ મચાવી દીધો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

ટીમ ઈન્ડિયાના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહે ઓસ્ટ્રેલિયા સામે જીત માટે બનતા તમામ પ્રયાસો કર્યો. જેના કારણે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ કાતિલ બોલિંગ કરીને ૩૨ વિકેટ ઝડપી હતી. પરંતુ આખરે જેનો ડર હતો, એવું જ બન્યું છે. જી હા...બુમરાહને પીઠમાં સમસ્યા થઈ, ત્યારથી ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી ડ્રોપ થાય તેવી અફવાહો વાયરલ થઈ છે. કોઈ કહી રહ્યું છે કે બુમરાહ ગ્રુપ સ્ટેજમાંથી બહાર થશે તો અમુકનું કહેવું છે કે તેણે બેડ રેસ્ટ માટે કહેવામાં આવ્યું છે. હવે બુમરાહે આવી અફવાહોનો ભાંડાફોડ કરીને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખીને ખળભળાટ



મચાવી દીધો. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ આખરે ટેસ્ટ દરમિયાન બુમરાહને પીઠમાં દુખાવાની ફરિયાદ થઈ. તેમણે વચ્ચે જ મેચ છોડવી પડી. ઈજાગ્રસ્ત થયા બાદ તેને ઈંગ્લેન્ડ સામે સફેદ બોલની શ્રેણીમાંથી આરામ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારથી ચેમ્પિયન્સ ટ્રોફીમાં બુમરાહની હાજરીને લઈને વિવિધ પ્રકારના અહેવાલો સામે આવ્યા છે. મેગા ટૂર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીથી આયોજિત થવાની છે, પરંતુ કદાચ બુમરાહ ઈજાના કારણે ટેન્શન ફ્રી છે અને ટૂર્નામેન્ટમાં વાપસી કરી શકે છે. સોશિયલ મીડિયામાં ભારતીય ફાસ્ટ બોલરની ફિટનેસ અંગેના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે તેને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. આવા અહેવાલ પર પ્રતિક્રિયા આપતા બુમરાહે લખ્યું, હું જાણું છું કે નકલી સમાચાર ફેલાવવા સરળ છે પરંતુ આ સમાચારે મને હસાવ્યો. બુમરાહે તેના X એકાઉન્ટ પર લખ્યું છે કે સૂત્રો અવિશ્વસનીય છે. ઈન્ડિયા ટુડેએ અહેવાલ આપ્યો છે કે બુમરાહને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમી (NCA) જવા માટે કહેવામાં આવ્યું છે.

## ચેમ્પિયન્સ ટ્રોફીની ટિકિટની કિંમતો આવી સામે, તેનાથી મોંઘી તો ભારતમાં ફિલ્મોની ટિકિટ હોય છે

**। (એજન્સી) કરાચી, તા.૧૬ ।**

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફી માટે લઘુત્તમ ટિકિટ ૧૦૦૦ પાકિસ્તાની રૂપિયા રાખી છે, જે ભારતીય મુદ્રામાં ૩૧૦ રૂપિયા બરાબર છે. પીસીબીના એક આંતરિક દસ્તાવેજમાં આ વાત સામે આવી છે. તેમાં તે જણાવવામાં આવ્યું નથી કે દુબઈમાં યોજાનારી ભારતની મેચની ટિકિટનો શું ભાવ હસે. જો ભારતીય ટીમ સેમીફાઈનલ અને ફાઈનલમાં પહોંચશે તો તેનું આયોજન દુબઈમાં થશે. દસ્તાવેજ અનુસાર, PCBએ કરાચી, લાહોર અને રાવલપિંડીમાં યોજાનારી મેચોની ન્યૂનતમ ટિકિટ ૧૦૦૦ પાકિસ્તાની રૂપિયા રાખી છે. રાવલપિંડીમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેની મેચોની ટિકિટની કિંમત ૨૦૦૦ પાકિસ્તાની રૂપિયા (૬૨૦ ભારતીય રૂપિયા) અને સેમિફાઈનલ માટે ૨૫૦૦ પાકિસ્તાની રૂપિયા (૭૭૬ ભારતીય રૂપિયા) હશે. PCBએ તમામ મેચોની VVIP ટિકિટ ૧૨૦૦૦ પાકિસ્તાની રૂપિયા (૩૭૨૬ ભારતીય રૂપિયા)માં રાખી છે પરંતુ સેમિફાઈનલમાં તેની કિંમત ૨૫૦૦૦ (૭૭૬૪ ભારતીય રૂપિયા) હશે. કરાચીમાં પ્રીમિયર ગેલેરીની ટિકિટ ૩૫૦૦ પાકિસ્તાની રૂપિયા (૧૦૮૬ ભારતીય રૂપિયા), લાહોરમાં ૫૦૦૦ રૂપિયા (૧૫૫૦ ભારતીય રૂપિયા) અને રાવલપિંડીમાં પાકિસ્તાન વિ બાંગ્લાદેશ મેચની ટિકિટ ૭૦૦૦ રૂપિયા (૨૧૭૦ ભારતીય રૂપિયા) છે. PCB કરાચીમાં VIP ગેલેરી ટિકિટ ૭૦૦૦ રૂપિયા, લાહોર ૭૫૦૦ રૂપિયા અને બાંગ્લાદેશ મેચની ૧૨૫૦૦ રૂપિયામાં રાખવા માંગે છે. સામાન્ય દર્શકો માટે ૧૮૦૦૦ ટિકિટ ઉપલબ્ધ હશે પરંતુ તે નક્કી નથી કે વ્યક્તિ એક સમયે કેટલી ટિકિટ ખરીદી શકે છે અને ટિકિટ ઓનલાઈન ઉપલબ્ધ થશે કે નહીં. ICC ટુર્નામેન્ટના નિયમો હેઠળ, યજમાન દેશ મેચોની ટિકિટો વેચે છે અને હોસ્પિટાલિટી બોક્સથી મળનાર રેવેન્યુ રાખે છે રાખે છે.

### ગૌતમ ગંભીરે ટીમ ઈન્ડિયાને ફટકાર લગાવી

# કોચ-ખેલાડીઓ વચ્ચેની વાતો ડ્રેસિંગ રૂમ સુધી સિમિત રહેવી જોઈએ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

ભારતીય ક્રિકેટ ટીમ માટે ઓસ્ટ્રેલિયા પ્રવાસ ભારે ઉથલપ ાથલવાળો રહ્યો. પ્રવાસની શરૂઆત ટીમે પર્થના મેદાન પર ઐતિહાસિક જીત સાથે કરી હતી. પરંતુ ત્યારબાદ જાણે પડતી શરૂ થઈ ગઈ. પછીની મેચોમાંથી ૩ મેચમાં હારનો સામનો કરવો પડ્યો. આ બધા વચ્ચે બોક્સિંગ ડે ટેસ્ટ બાદ ડ્રેસિંગ રૂમના સમાચારો વહેતા થયા. સિડનીમાં રમાયેલી ટેસ્ટ પહેલા હેડ કોચ ગૌતમ ગંભીરે પ્રેસ કોન્ફરન્સમાં આવીને બોલવું પડ્યું કે કોચ અને ખેલાડીઓ વચ્ચેની વાતો ડ્રેસિંગ રૂમ સુધી જ સિમિત રહેવી જોઈએ. ભારતીય ક્રિકેટ ટીમના કોચ ગૌતમ ગંભીરે યુવા ખેલાડી સરફરાઝ ખાન પર ડ્રેસિંગ રૂમની વાતો લીક કરવાનો આરોપ લગાવ્યો છે. ન્યૂઝ ૨૪ સ્પોર્ટ્સના રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. સરફરાઝને સિરીઝમાં એક પણ ટેસ્ટ



રમવાની તક મળી નહીં. રિપોર્ટ મુજબ ગંભીરે મુંબઈમાં થયેલી બીસીસીઆઈની સમીક્ષા બેઠકમાં આ આરોપ લગાવ્યો. એવું પણ કહેવામાં આવ્યું કે જ્યાં સુધી ગંભીર કોચ રહેશે તો ત્યાં સુધી સરફરાઝ ખાનની કરિયર પર તેની અસર પડી શકે છે. જો કે આ રિપોર્ટ પર હજુ સુધી ગૌતમ ગંભીર કે સરફરાઝ તરફથી કોઈ અધિકૃત નિવેદન આવ્યું નથી. જો કે અન્ય એક રિપોર્ટમાં પણ ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. ક્રિકેટએડિક્ટર ડોટ કોમના એક રિપોર્ટમાં દૈનિક જાગરણના એક પત્રકાર અભિષેક ત્રિપાઠીને ટાંકીને કહેવાયું છે કે સરફરાઝ ખાન નહીં પરંતુ ટીમના આસિસ્ટન્ટ કોચનું નામ માહિતી લીકમાં સામે આવ્યું છે. પત્રકારના જણાવ્યાં મુજબ આસિસ્ટન્ટ કોચનું નામ સ્પષ્ટ નથી. તે અભિષેક નાયર કે Ryan ten Doeschate હોઈ શકે છે. જો કે આ બધી બાબતો વચ્ચે હજુ આ અંગે કોઈ સ્પષ્ટતા આવી નથી. મેલબર્નમાં રમાયેલી ટેસ્ટમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ હેડ કોચ ગૌતમ ગંભીર ડ્રેસિંગ રૂમમાં ખુબ ગુસ્સામાં હતા. ધ ઈન્ડિયન એક્સપ્રેસે જણાવ્યું હતું કે ગંભીરે ટીમ પર ભડકી જતા કહ્યું હતું કે, હવે બહું થઈ ગયું. પરિસ્થિતિ મુજબ ન રમવા અને ડ્રેસિંગ રૂમમાં બનાવવામાં આવેલી યોજનાઓનું પાલન કરવાની જગ્યાએ પોતાની સ્વાભાવિક રમત રમવાની કોશિશને કારણે ટીમના બેટર્સથી તેઓ નારાજ હતા. તે રિપોર્ટમાં કહેવાયું હતું કે ભારતીય ડ્રેસિંગ રૂમનો માહોલ સારો નહતો. નોંધનીય છે કે ૫ મેચની બોર્ડર ગાવસ્કર ટ્રોફી સિરીઝ ભારતે ૧-૩થી ગુમાવી દીધી. ૧૦ વર્ષ બાદ ઓસ્ટ્રેલિયા આ ટ્રોફી કબજે કરવામાં સફળ રહ્યું અને એટલું જ નહીં તેણે ભારતને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાંથી પણ બહાર કરી દીધુ.

**જસ્ટિન ટ્રૂડો જતાં જ કેનેડાથી આવ્યા ગુડ ન્યૂઝ**

## ઓપન વર્ક પરમિટમાં થયેલા સુધારાથી ભારતીય વિદ્યાર્થીઓને ફાયદો થશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

કેનેડાની સરકારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને વિદેશી કામદારોના જીવનસાથી માટે ઓપન વર્ક પરમિટ (OWP) નિયમોમાં સુધારો કર્યો છે, જે ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫થી લાગુ થશે. નવા નિયમ મુજબ અધ્યયન કાર્યક્રમોની સમય મર્યાદા અને ઉચ્ચ માંગવાળી નોકરીઓના ક્ષેત્રો પર કેન્દ્રિત ચોક્કસ માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઓપન વર્ક પરમિટથી હજારો ભારતીયોને ફાયદો થાય છે. માત્ર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને વિદેશી કામદારોના જીવનસાથીઓ OWP માટે અરજી કરી શકશે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે જસ્ટિન ટ્રૂડોએ કેનેડાના વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. ઓપન વર્ક પરમિટમાં કરાયેલા સુધારાથી ભારતીય વિદ્યાર્થીઓને ફાયદો થશે. ઘણા વિદ્યાર્થીઓ હવે જ્યારે તેઓ કેનેડામાં અભ્યાસ કરે છે અથવા કામ કરે છે ત્યારે તેમના જીવનસાથીને કામ પર લાવી શકશે. નવી OWP પાત્રતા માસ્ટર પ્રોગ્રામ્સ, ડોક્ટરલ પ્રોગ્રામ્સ અથવા ૧૬ મહિના અથવા વધુ સમયગાળાના પસંદ કરેલા વ્યાવસાયિક પ્રોગ્રામ્સમાં નોંધાયેલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના જીવનસાથીઓ સુધી મર્યાદિત રહેશે. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ફક્ત પાત્રતા ધરાવતાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને વિદેશી શ્રમિકોના જીવનસાથી જ OWP માટે અરજી કરી શકશે, જેમાં શિક્ષણ કાર્યક્રમનો સમયગાળો તથા ઉચ્ચ માંગ ધરાવતી નોકરી ક્ષેત્ર પર કેન્દ્રીય ખાસ માપદંડો હશે. આ બદલાવ સાથે ભારતીય વિદ્યાર્થીઓનો ફાયદો થશે કેમ કે હવે ઘણા ભારતીયો કેનેડામાં અભ્યાસ અથવા કામ કરવા દરમિયાન પોતાના જીવનસાથીને કેનેડા લાવી શકશે. ઉલ્લેખનીય છે કે ભારતમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ કેનેડા ભણવા માટે જાય છે અને પછી પીઆર મેળવતા હોય છે. ઈમિગ્રેશન, રેફ્યુઝિઝ એન્ડ સિટિઝનશિપ કેનેડા(IRCC)ના જણાવ્યા અનુસાર તેમાં પ્રાકૃતિક અને એપ્લાઈડ સાયન્સ, નિર્માણ, સ્વાસ્થ્ય સેવા, પ્રાકૃતિક સંસાધન, શિક્ષણ, રમત અને સૈન્ય ક્ષેત્રોમાં વ્યવસાયનો સમાવેશ થાય છે. જો કે આ કાર્યક્રમની મુખ્ય શરત એ છે કે જ્યારે જીવનસાથી OWP માટે અરજી કરે તે સમયે વિદેશી કર્મચારી પાસે ઓછામાં ઓછા ૧૬ મહિના માટેની વર્ક પરમિટ હોવી જોઈએ.

### BSP સુપ્રીમો માયાવતીને મળી બર્થ ડે ગિફ્ટ

# સુપ્રીમ કોર્ટે માયાવતીના ૧૫ વર્ષ જૂના કેસનો નિવેડો લાવી દીધો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

બીએસપી સુપ્રીમો માયાવતીને રાહત આપતા, સુપ્રીમ કોર્ટે બુધવારે ૨૦૦૯માં દાખલ એક અરજીનો નિવેડો લાવી દીધો, જેમાં ઉત્તર પ્રદેશ સરકારના બજેટમાંથી ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધારેના ખર્ચની તપાસની માગ હતી. માયાવતી રાજ્યના મુખ્યમંત્રી હતા, તો આ ખર્ચ હાથીની મૂર્તિઓ અને વ્યક્તિગત મહિમામંડન પર કર્યો હતો. આ નિર્ણય તે દિવસે આવ્યો, જ્યારે માયાવતી ૬૯ વર્ષના થઈ ગયા. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને સતીશ ચંદ્ર શર્માની પીઠે રવિકાંત અને સુકુમાર દ્વારા દાખલ અરજીને એવું કહેતા નિવારણ લાવી દીધું કે મોટા ભાગની અરજીઓ અપ્રાસંગિક થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટની પીઠે કહ્યું કે, ચૂંટણી પંચે આ અગાઉ આ મુદ્દા પર દિશાનિર્દેશ જાહેર કરી દીધા છે અને મૂર્તિઓની સ્થાપના પર રોક ન લગાવી શકાય કેમ કે



તે પહેલાથી સ્થાપિત થઈ ચૂકી છે. વકીલો દ્વારા દાખલ જાહેર હિતની અરજીમાં આરોપ લગાવ્યો હતો કે ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના રાજ્યના બજેટમાંથી લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયાનો ઉપયોગ કર્યો હતો. જ્યારે માયાવતી મુખ્યમંત્રી હતા, તો તેમની અને બહુજન સમાજ પાર્ટીના ચૂંટણી ચિન્હ હાથીની મૂર્તિઓની સ્થાપના માટે આ પૈસા ખર્ચ કર્યા હતા. પ્રકાશ કુમાર સિંહ દ્વારા દાખલ અરજીમાં દાવો કર્યો હતો કે, ૬૦ હાથીની મૂર્તિઓની સ્થાપના પર ૫૨.૨ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા.

### આકાશ ચોપડાનો ઘટસ્ફોટ

# ગાંગુલીએ સેહવાગને આપી હતી કરિયર ખતમ કરવાની ધમકી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

પૂર્વ ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગ પોતાની વિસ્ફોટક બેટિંગથી વિરોધી બોલરોમાં ડર પેદા કરી દેતો હતો. પરંતુ તેની કારકિર્દીમાં એક વાર એવો સમય પણ આવ્યો હતો જ્યારે ગાંગુલીએ તેને ટીમમાંથી બહાર કરવાની ધમકી આપી હતી. વર્ષ ૨૦૦૩માં સૌરવ ગાંગુલી ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન હતો ત્યારે તેણે વીરેન્દ્ર સેહવાગને કહ્યું હતું કે, જો તું રન નહીં બનાવે તો હું તને ટીમમાંથી બહાર કાઢી મૂકીશ. ભારતના ભૂતપૂર્વ ઓપનર આકાશ ચોપડાએ આ વાતનો ખુલાસો કર્યો છે. આકાશ ચોપડાએ જણાવ્યું હતું કે, 'આ ઘટના વર્ષ ૨૦૦૩માં ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટ સીરિઝ દરમિયાનની છે. વીરેન્દ્ર સેહવાગે પોતાની કારકિર્દીના શરૂઆતના તબક્કામાં ઘણાં રન બનાવ્યા હતા. પરંતુ તે પછી તેની કારકિર્દીનો ખરાબ સમય ચાલુ થયો હતો. સેહવાગના



બેટમાંથી રન નહોતા આવી રહ્યા. એ સમયે ભારતીય ટીમનો કેપ્ટન સૌરવ ગાંગુલી વીરેન્દ્ર સેહવાગ પાસે ગયો અને તેને કહ્યું હતું કે, જો તું રન નહીં બનાવે તો હું તને ટીમમાંથી કાઢી મૂકીશ. પરંતુ રસપ્રદ વાત એ છે કે ન્યુઝીલેન્ડ સામેની આ સીરિઝની પહેલી ટેસ્ટમાં નિષ્ફળ થયા બાદ સહેવાગે મોહાલી ટેસ્ટ મેચમાં સદી ફટકારીને ૧૩૦ રન બનાવ્યા હતા.' એ સમયે વીરેન્દ્ર સેહવાગ સતત ૯ ઈનિંગ્સમાં નિષ્ફળ રહ્યો હતો અને તેના બેટમાંથી એક પણ અડધી સદી નીકળી ન હતી.

## શું ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ટીમ ઇન્ડિયાને મળી શકે નવો કોચ



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

ભારતીય ક્રિકેટ ટીમના કોચિંગ સ્ટાફમાં ટૂંક સમયમાં મોટો ફેરફાર થઈ શકે છે. ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની હાર બાદ, મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને સમગ્ર સ્ટાફ શંકાના ઘેરામાં છે. એક અહેવાલ મુજબ, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ સિતાંશુ કોટકને બેટિંગ કોચની જવાબદારી સોંપી શકે છે. સીતાશુનો અત્યાર સુધીનો રેકોર્ડ ઉત્તમ રહ્યો છે. તેઓ હાલમાં ઈન્ડિયા છ ના મુખ્ય કોચ છે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા તેને આ જવાબદારી મળી શકે છે. એક અહેવાલ મુજબ, બીસીસીઆઈ કોચિંગ સ્ટાફમાં ફેરફાર કરવાનું વિચારી રહ્યું છે. બીસીસીઆઈ સીતાશુ કોટકને સિનિયર ટીમ ઈન્ડિયાના બેટિંગ કોચ બનાવી શકે છે. ગૌતમ ગંભીર હાલમાં મુખ્ય કોચ છે. તેમના જોડાયા પછી, ટીમ ઈન્ડિયાને ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં કારમી હારનો સામનો કરવો પડ્યો. આ પછી કેપ્ટન રોહિત શર્મા અને ગંભીરને ટીકાઓનો સામનો કરવો પડ્યો. બીસીસીઆઈએ તાજેતરમાં એક સમીક્ષા બેઠક યોજી હતી. આમાં ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. સીતાશુ કોટકની ક્રિકેટ કારકિર્દી સારી રહી છે. નિવૃત્તિ પછી તે ફુલટાઈમ કોચ બન્યો.



જંગપુરા મતવિસ્તારના આપ ઉમેદવાર મનીષ સિસોદિયાએ નવી દિલ્હીમાં આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું.

### BSNLએ શ્રદ્ધાળુઓને આપી મોટી ભેટ

# BSNL શ્રદ્ધાળુઓને આપશે ડેટા અને કોલિંગની સુવિધા

**। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૬ ।**

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં કુંભ મેળો શરૂ થઈ ગયો છે. ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મેળામાં કરોડો ભક્તો ભાગ લેશે. આટલી મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને મેળાના પરિસરમાં ઘણી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ સંદર્ભમાં સરકારી ટેલિકોમ કંપની BSNL એ પણ ભક્તોને તેમના પ્રિયજનો સાથે જોડાયેલા રાખવા માટે ખાસ વ્યવસ્થા કરી છે. આ પ્રસંગે સરકારી કંપની મેળામાં આવનારા તમામ ભક્તોને મફત કોલ, ડેટા અને એસએમએસ આપી રહી છે. BSNL એ કહ્યું છે કે તેણે કુંભ મેળામાં ૫૦ બેઝ ટ્રાન્સીવર સ્ટેશન (BTS) સ્થાપિત કર્યા છે. BTS નું કામ મોબાઈલ ડિવાઈસને નેટવર્ક સાથે જોડવાનું છે. આ મારફતે BSNL લોકોને ડિજીટલ સેવાઓનો લાભ લેવાની તક આપી રહ્યું છે. BSNL કુંભ મેળા માટે એક ખાસ સેવા લઈને આવ્યું છે. આમાં રસ ધરાવતા લોકો કુંભ મેળાના ભક્તોને મફત વોઈસ, ડેટા અને એસએમએસ સ્પોન્સર કરી શકે છે. બદલામાં BSNL મેળા પરિસરમાં આવનારા તમામ લોકોના નામ સાથે એક SMS મોકલશે. BSNL એ આ સર્વિસ હેઠળ ૪ પ્રકારની સ્પોન્સરશિપ રજૂ કરી છે. જો કોઈ વ્યક્તિ ૧ BTS માં ભક્તો માટે મફત ડેટા, કોલ અને SMS સ્પોન્સર કરવા માંગે છે તો તેણે ૧૦,૦૦૦ રૂપિયા ચૂકવવા પડશે.

## તંત્રી લેખ...

# સાધુ-સંતોની વિરુદ્ધતાનો કોણી વાસ્તવિક પરિપ્રેક્ષ્ય?

ભારતમાં કહેવાતા સાધુ-સંતો અને હિંદુવાદીઓને હિંદુઓને સ્પર્શતી સમસ્યાઓમાં બહુ રસ નથી પડતો. હિંદુઓને નડતા ને કનડતા મુદ્દે એ લોકો મોંમાં મગ ઓરીને બેસી રહે છે ને સાવ ફાલતુ મુદ્દાઓને હિંદુત્વ સાથે જોડીને હોહા કરી મૂકે છે. આ વિચિત્ર માનસિકતાનો તાજો નમૂનો સંગમ નગરી પ્રયાગરાજમાં મુલાયમસિંહ યાદવની પ્રતિમા મુકાઈ તેની સામે મચેલો કકળાટ છે. સોમવારથી શરૂ થયેલા મહાકુંભ મેળામાં સેક્ટર ૧૬માં મુલાયમસિંહ યાદવ સ્મૃતિ સંસ્થાન નામની સંસ્થાની છાવણી આવેલી છે. સ્વાભાવિક રીતે જ આ છાવણી સમાજવાદી પાર્ટીના કાર્યકરો અને મુલાયમભક્તોએ જ બનાવી છે. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં વિપક્ષ નેતા માતા પ્રસાદ પાંડેએ શનિવારે લગભગ બેથી ત્રણ ફૂટ ઊંચી આ પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. મુલાયમસિંહ યાદવની આ પ્રતિમા સામે સાધુ-સંતોને વાંધો પડી ગયો છે. અખિલ ભારતીય અખાડા પરિષદના હોદ્દેદારો સહિત અન્ય સાધુ-સંતોએ મહાકુંભમાં મુલાયમસિંહ યાદવની પ્રતિમાનો વિરોધ કરતાં કહ્યું કે, હિન્દુઓની પવિત્ર આસ્થાના પર્વ એવા મહાકુંભ મેળામાં મુલાયમસિંહ યાદવ જેવા હિન્દુ વિરોધી નેતાની પ્રતિમા હિન્દુઓનું અપમાન કરી રહી છે. અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ મહંત રવિન્દ્ર પુરીના કહેવા પ્રમાણે, મુલાયમસિંહ યાદવ હિન્દુ વિરોધી અને સનાતન વિરોધી વિચારધારા ધરાવતા હતા. મુલાયમસિંહની પ્રતિમા સ્થાપિત કરવાનો ઉદેશ સમાજવાદી પાર્ટીની સરકારે હિન્દુઓની હત્યા કરી હતી એ ઘટનાની યાદ અપાવવાનો છે. મહંત રવિ પુરીના કહેવા પ્રમાણે રામ મંદિર આંદોલન વખતે મુલાયમસિંહે શું કર્યું હતું એ બધા જાણે છે. હંમેશા હિન્દુ વિરોધી, સનાતન વિરોધી અને મુસલમાનોના હિતેચ્છુ રહેલા મુલાયમસિંહની પ્રતિમા મહાકુંભમાં મૂકીને હિંદુઓનું અપમાન કરાયું છે. જૂના અખાડાના મહામંડલેશ્વર યતિ નરસિંહાનંદ સહિત ઘણા બીજા સાધુ-સંતોએ મહંત રવિન્દ્ર પુરીના નિવેદનને સમર્થન આપ્યું છે. રામમંદિર આંદોલન વખતે મુલાયમસિંહ યાદવે મુસ્લિમો તરફીવલણ લીધું હતું એ ઈતિહાસ છે.

## કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ "રોજગારીના ભવિષ્ય પર પરિષદ"માં કૌશલ્ય પહેલના માધ્યમથી વૈશ્વિક કાર્યબળની અછતને પહોંચી વળવા ભારતની સંભવિતતા પર પ્રકાશ પાડ્યો

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય (એમઓએલઈ) એ કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII)ના સહયોગથી નવી દિલ્હીમાં તારીખ ૧૫.૦૧.૨૦૨૫ના રોજ "શેપિંગ ટુમોરો વર્કફોર્સઃ ડ્રાઈવિંગ ગ્રોથ ઈન અ ડાયનેમિક વર્લ્ડ" થીમ પર આધારિત "કોન્ફરન્સ ઓન ફ્યુચર ઓફ જોબ્સ"નું આયોજન કર્યું હતું. આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમમાં નીતિઘડવૈયાઓ, ઉદ્યોગના અગ્રણીઓ અને નિષ્ણાતોને ભારતમાં વિકસી રહેલા રોજગારીના પરિદ્રશ્ય પર વિચાર-વિમર્શ કરવા અને ભવિષ્ય માટે તૈયાર કાર્યદળ માટે વ્યુહરચનાઓ ઘડવા માટે બોલાવવામાં આવ્યા હતા. ભારત સરકારના શ્રમ અને રોજગાર અને યુવા બાબતો તથા રમતગમત વિભાગના માનનીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, "શિક્ષણ અને રોજગારીનો સમન્વય સાધવા માટે કૌશલ્ય વિકાસ આપણા પ્રયાસોના હાર્દમાં હોવો જોઈએ. નવીનતાને પ્રોત્સાહન આપીને, ઉત્પાદકતામાં વધારો કરીને અને કાર્યબળ માટે વ્યક્તિઓને તૈયાર કરીને આપણે રોજગારીનું સર્જન કરી રહ્યા છીએ અને વૈશ્વિક પ્રતિભા કેન્દ્રનું નિર્માણ કરી રહ્યા છીએ." તેમણે કૌશલ્ય અને ધારાધોરણોની પારસ્પરિક માન્યતા જેવી પહેલો મારફતે વૈશ્વિક કાર્યદળની અછતને દૂર કરવાની ભારતની સંભવિતતા પર પણ પ્રકાશ પાડ્યો હતો.

મજબૂત ઔદ્યોગિક-શૈક્ષણિક જોડાણને પ્રોત્સાહન આપીને આપણે ભારતની વિશિષ્ટ જરૂરિયાતોને અનુરૂપ કૌશલ્ય મોડલ તૈયાર કરી શકીએ તેમ છીએ. કૌશલ્યવર્ધને પ્રમાણપત્રોથી આગળ વધવું જોઈએ અને ઉદ્યોગ અને સ્વ-રોજગાર ક્ષેત્રોની ગતિશીલ માંગને પહોંચી વળવા માટે વ્યક્તિઓને વ્યવહારુ કુશળતાથી સજ્જ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. હવે સમય પાકી ગયો છે કે આપણે કૌશલ્યવર્ધન પ્રત્યેના આપણા અભિગમ પર પુનઃવિચાર કરીએ - માત્ર પ્રમાણપત્રો પર જ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, ધ્યેય ઉદ્યોગમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરવા માટે જરૂરી વાસ્તવિક કૌશલ્યો ધરાવતા વ્યાવસાયિકોને વિકસાવવા પર હોવું જોઈએ. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવ શ્રીમતી સુમિતા દાવરાએ જણાવ્યું હતું કે ઝડપથી વિકસી રહેલા લેન્ડસ્કેપમાં ખીલવા માટે, ત્રણ મુખ્ય પ્રશ્નો ઉભા થયા છેઃ આપણે કેવી રીતે ડિજિટલી નિપુણ વર્કફોર્સ વિકસાવી શકીએ જે વધુને વધુ તકનીકી-સંચાલિત જોબ માર્કેટને નેવિગેટ કરવા માટે સજ્જ છે? જ્યાં વિવિધતાનું મૂલ્ય આંકવામાં આવે અને દરેકને સમાન તકો આપવામાં આવે તેવા ખરા અર્થમાં સર્વસમાવેશક કાર્યદળનું નિર્માણ કરવા માટે આપણે કઈ વ્યૂહરચનાઓ અપનાવી શકીએ? તદુપરાંત, ઉદ્યોગો પર્યાવરણીય સ્થિરતાને પ્રાથમિકતા આપે છે, ત્યારે આપણે આપણી કાર્યબળ સંસ્કૃતિમાં પર્યાવરણને અનુકૂળ પદ્ધતિઓ અને મૂલ્યોને કેવી રીતે સંકલિત કરી શકીએ? તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, "હેલ્થકેર, મેન્યુફેક્ચરિંગ, લોજિસ્ટિક્સ અને ગ્રીન જોબ્સ જેવા મુખ્ય ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા માટે કુશળ અને અનુકૂલનશીલ કાર્યબળ મહત્વપૂર્ણ છે. શ્રમ-ઘનિષ્ઠતાવાળા ઉદ્યોગોને મજબૂત બનાવવાથી વિવિધ જનસંખ્યાવિજ્ઞાન માટે સમાન તકો સુનિશ્ચિત થાય છે, જેમાં અદ્યતન શિક્ષણની મર્યાદિત સુલભતા ધરાવતા ઉદ્યોગોનો પણ સમાવેશ થાય છે." તેમણે ભારતની સ્થિતિ પર "જગતની જીસીસી કેપિટલ' તરીકેની સ્થિતિ પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં ૧૭૦૦ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટરો (જીસીસી) ૨૦ લાખ કરતાં વધારે લોકોને રોજગારી પૂરી પાડશે - ૨૦૩૦ સુધીમાં આ સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાનો અંદાજ હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે, "આ જીસીસીમાં આપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ, રોબોટિક પ્રોસેસ ઓટોમેશન, ડિજિટલ કોમર્સ, સાયબર સિક્યોરિટી, બ્લોકચેઈન, ઓગમેન્ટેડ રિયાલિટી અને વર્ચ્યુઅલ રિયાલિટી જેવી ઉભરતી ટેકનોલોજીનો સ્વીકાર જોઈ રહ્યા છીએ. આ બાબત ભારતની અપવાદરૂપ ટેકનોલોજીકલ પ્રતિભાના પુરાવા તરીકે કામ કરે છે.

મેન્યુફેક્ચરિંગઃ સીઆઈઆઈ નેશનલ કમિટી ઓન ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ એન્ડ મેનેજિંગ ડિરેક્ટર અને ડેકી ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડના ચેરમેન શ્રી વિનોદ શર્માએ મંત્રાલયો અને રાજ્યોમાં રોજગાર યોજનાઓને સુવ્યવસ્થિત કરવા માટે સંકલિત રાષ્ટ્રીય રોજગાર નીતિની દરખાસ્ત રજૂ કરી હતી. તેમણે ઉદ્યોગ, સરકાર અને કાર્યબળને ભવિષ્યના પ્રૂફિંગ માટેના પડકારો અને ઉકેલોને ઓળખવા માટે એક સમર્પિત "ટાસ્ક ફોર્સ ઓન ફ્યુચર ઓફ જોબ્સ"ની રચના કરવાનું સૂચન કર્યું હતું.

### જ્ઞાનીઓ સાધનમાર્ગનો આશ્રય લઈ મુક્ત બને છે, જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે

# જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે, ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે જ સત્ય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ક્રિયા અને લીલામાં તફાવત છે, પરમાત્મા જે કરે તેનું નામ લીલા અને જીવ જે કરે તેનું નામ ક્રિયા, ક્રિયા બંધનરૂપ છે, કારણ તેની પાછળ કર્તાનો આસક્તિ, સ્વાર્થ તથા અહંકાર હોય છે, ઈશ્વરની લીલા બંધનમાંથી છોડાવે છે, કારણ ઈશ્વરને સ્વાર્થ તથા અભિમાનનો સ્પર્શ થતો નથી, જે કાર્યમાં કર્તૃત્વનું અભિમાન નથી તે લીલા કેવળ જીવોને પરમાનંદનું દાન કરવા માટે પ્રભુ લીલા કરે છે.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ધ્યાનમાં સંસારના કોઈ પદાર્થનું ચિંતન ન કરો, કોઈ જીવનું ધ્યાન ન કરો, કોઈ જડ વસ્તુનું ધ્યાન ન કરો, ધ્યાન કરવું હોય તો શ્રીકૃષ્ણનું ધ્યાન કરો. અનેક જન્મથી આ મનને રખડવાની ટેવ પડી છે. ધ્યાન કરતાં મન ચંચળ બને અને સંસારના વિષયો દેખાય ત્યારે પરમાત્માના નામનું વારંવાર કીર્તન કરો. ઉચ્ચ સ્વરથી કીર્તન કરો. શ્રીકૃષ્ણ કીર્તનથી જગતનું વિસ્મરણ થાય છે.પરમાત્માના મંગલમય સ્વરૂપને નિહાળતાં નિહાળતાં તેના નામનું કીર્તન કરો વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે. મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે. મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી. તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી. સંસારનું ચિંતન કરવાથી બગડેલું મન જ્યાં સુધી ઈશ્વરનું સતત ચિંતન કરે ત્યાં સુધી સુધરશે નહીં. આ શરીર ગંદુ છે. આ શરીરથી ઈશ્વરને મળી શકાતું નથી. શરીરનું બીજ અપવિત્ર છે. ઠાકોરજીને તનથી મળવાનું છે. ધ્યાન વગર મનોમિલન થતું નથી. ધ્યાન કરવાથી જીવ-ઈશ્વરનું મિલન થાય છે. ધ્યાન વિના બ્રહ્મ સંબંધ થતો નથી. ધ્યાનની પરિપક્વ દશા એ જ સમાધિ છે. તે જ જીવન મુક્તિ. સમાધિ અધિક વખત ટકે એટલે જ્ઞાનીઓને જીવતાં જ મુક્તિનો આનંદ મળે છે. ભાગવત ફરી ફરી કહે છેઃ ધ્યાન કરો, જપ કરો. એકએક ચરિત્રમાં આ સિદ્ધાંત વર્ણવ્યો છે. પુનરુક્તિએ દોષ નથી. એક સિદ્ધાંતને બરાબર બુદ્ધિમાં ઠસાવવો હોય તો તેને વારંવાર કહેવો પડે છે. ભાગવતના પ્રત્યેક સ્કંધમાં આ જપ-ધ્યાનની કથા આવશે. જ્ઞાનીઓ સાધનમાર્ગનો આશ્રય લઈ મુક્ત બને છે. જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે. ભક્તિથી ભેદને દૂર કરવો એ ભક્તિનું લક્ષ્ય છે.બંનેનું લક્ષ્ય એક જ છે. માર્ગ જુદા જુદા છે. સાધનામાં ભેદ છે.ધ્યાન એક જ છે. તેથી સગુણ-નિર્ગુણ બંનેની જરૂર છે. ઈશ્વર અરૂપ છે પણ વૈષ્ણવો જે રૂપની ભાવનાથી તન્મય બને છે તેવું સ્વરૂપ પ્રભુ ધારણ કરે છે. સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપોનું ભાગવતમાં વર્ણન કર્યું છે. નિર્ગુણરૂપે પ્રભુ સર્વત્ર છે અને સગુણરૂપે મારા શ્રીકૃષ્ણ ગો લોકમાં બિરાજેલા છે. ઈષ્ટદેવમાં પૂર્ણ વિશ્વાસ રાખી જગતના જડચેતન પદાર્થોમાં પ્રભુ રહેલા છે તેવો દૃઢ વિશ્વાસ રાખો. ક્રિયા અને લીલામાં તફાવત છે. પરમાત્મા જે કરે તેનું નામ લીલા અને જીવ જે કરે તેનું નામ ક્રિયા. ક્રિયા બંધનરૂપ છે, કારણ તેની પાછળ કર્તાનો આસક્તિ, સ્વાર્થ તથા અહંકાર હોય છે. ઈશ્વરની લીલા બંધનમાંથી છોડાવે છે, કારણ ઈશ્વરને સ્વાર્થ તથા અભિમાનનો સ્પર્શ થતો નથી. જે કાર્યમાં કર્તૃત્વનું અભિમાન નથી તે લીલા કેવળ જીવોને પરમાનંદનું દાન કરવા માટે પ્રભુ લીલા કરે છે, તેથી વ્યાસજી માખણચોરી, રસ સર્વને લીલા નામથી સંબોધે છે. શ્રીકૃષ્ણ માખણની ચોરી કરે તે મિત્રો માટે, પોતા માટે નહીં. દૈવીજીનું કલ્યાણ કરવા માટે જ ભગવાન લૌકિક જીવોની જેમ લીલા કરે છે. જગતની ઉત્પત્તિ એ લીલા છે, સ્થિતિ એ પણ લીલા છે,અને વિનાશએ પણ લીલા છે.વિનાશ માં પણ આનંદ છે. સર્વનો દૃષ્ટા હું છું. આ'હું'નો નાશ થતો નથી. જ્ઞાની પુરુષ તેને લીલા કહે છે. 'હું' ઈશ્વરનો અંશ છું, પણ આ 'હું' અહંકારમાં પરિણમવું ન જોઈએ. ગાંધારીને શ્રીકૃષ્ણ મળવા આવે છે ત્યારે ગાંધારી શ્રાપ આપે છે કે, મારામાં તે કોર રહેવા દીધો નહીં,તો જા, તારા વંશમાં પણ કોઈ રહેશે નહીં. શ્રીકૃષ્ણ તો શ્રાપ સાંભળી ખુશ થાય છે, ને કહે કે, મા, હું વિચાર કરતો હતો કે આ બધાનો વિનાશ કેવી રીતે કરવો. સારું થયું. તમે શ્રાપ આપ્યો! પરમાત્મા તો શાંતાકાર છે અને ભુજંગ ઉપર શયન કરવાવાળા છે. લોકોને પલંગ-શયન કરવા મળે તો પણ શાંતિ નથી. એટલે લય એ પણ ભગવાનની લીલા છે. જીવને ઉત્પત્તિ અને સ્થિતિ ગમે છે, પરંતુ લય ગમતો નથી. ગાંધારી સમજી ગઈ કે લોકો આને ભગવાન કહે છે તે સાચું છે. જે પ્રભુએ બ્રહ્માજીને વેદતત્ત્વનું જ્ઞાન આપ્યુંતે જગતની ઉત્પત્તિ, સ્થિતિ સંહાર કરતુન્હ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. આદિકવયે બ્રહ્માને જે દિવ્યજ્ઞાન નારાયણે આપ્યું છે તેને વર્ણન કરીએ છીએ. ભગવાનના ધ્યાનમાં તન્મયતા નહીં થાય, તો સંસારનું ધ્યાન થશે. તે છોડવાનો પ્રયત્ન કરો ધ્યાનથી શરૂઆતમાં સંસાર દેખાય છે. પ્રત્યેક સાધકને એવો અનુભવ થાય છે. ઈશ્વરનું ધ્યાનન થાય તો હરકત નથી પણ સંસારને તો ધ્યાનમાં લાવશો નહીં. ઠાકોરજીના દર્શન કર્યા પછી પણ ધ્યાનની જરૂર છે. મંદિરના ઓટલા પર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં, પણ ધ્યાન કરવા માટે છે.મંદિરમાં જે સ્વરૂપનાં દર્શન કરી હોય તે સ્વરૂપનું ઓટલા ઉપર બેસી ધ્યાન ચિંતન કરવાનું છે. પરમાત્માનું ધ્યાન કરવાથી વિઘ્નનો નાશ થાય છે. વ્યાસજીએ મંગલાચરણમાં લખ્યું છે કે, સત્યં પરમ ધીમહિ.સત્ય સ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરી એ છીએ. વ્યાસજીએ શ્રીકૃષ્ણ નું ધ્યાન કરું છું એમ કેમ ન લખ્યું? અને સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરું છું એમ કેમ લખ્યું ? શ્રીકૃષ્ણનું ધ્યાન કરું છું એમ લખ્યું હોય તો શિવભક્તો દત્તાત્રેય ભક્તો દેવીના ભક્તો વગેરેને થાય કે ભાગવત તો શ્રી કૃષ્ણ ભક્તો માટેનો જ ગ્રંથ છે. એટલે વ્યાસજીએ કોઈનું વિશિષ્ટ રીતે નામ ન આપી ધ્યાન કરવાનું કહ્યું નથી, પણ સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે. જેને જે સ્વરૂપ ગમે તેનું તેણે ધ્યાન કરવું. લોકોની રુચિ જુદી જુદી હોય છે. કોઈ એક શાસ્ત્રને માને, કોઈ બીજા શાસ્ત્રને માને. બધા કહે છે કે, અમારું શાસ્ત્ર શ્રેષ્ઠ છે, પરંતુ બધા શાસ્ત્રોનું લક્ષ્ય એક જ છે. જેમ બધી નદીઓનું લક્ષ્ય સભ્ય છે તેમ. તેથી પરમાત્મા શિવ, ગણેશ રામ, દત્તાત્રેય વગેરેનાં સ્વરૂપો ધરે છે. સત્ય અખંડ છે. અવિનાશી છે. અબાધિત છે. સત્યનો કદી વિનાશ થતો નથી. સત્યના સ્વરૂપમાં કાંઈ પરિવર્તન થતું. નથી. સુખ, દુઃખ, લાભ, હાનિમાં પરમેશ્વરનું સ્વરૂપ બદલાતું નથી. ગીતાજીમાં ભગવાન કહે છે કે, દુઃખમાં જેને ઉદ્વેગ નથી અને સુખમાં જેને સ્પૃહા નથી એ સ્થિતપ્રજ્ઞ, શ્રી કૃષ્ણ જેવું બોલે છે તેવું જીવનમાં આચરી પણ બતાવે છે. રામચંદ્રજીને રાજ્યાભિષેક વખતે અને વનવાસ વખતે એક સરખો જ આનંદ છે. શ્રી કૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોનાની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ. શ્રીકૃષ્ણ ઉદ્ધવ ને કહે છે કે, ઉદ્ધવ, આ બધું ખોટું છે. હું જ એક સાચો છું. જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય. તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ. તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો. જગત અસત્ય છે. જગતના પદાર્થો દુઃખરૂપ છે. વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે, પણ તત્ત્વદૃષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે,માયા છે, માત્ર ભાસછે તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી. એ પોતે આનંદરૂપ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત ઠંડી પોતાનો પ્રભાવ બતાવી રહી છે ત્યારે ધનાર્ક કમુરતા ઉતરતાં જ સારા શુભ કાર્યોની શરૂઆત વચ્ચે ચાઈનીઝ વાયરસના કેસો વધી રહયા છે સૌ કાળજી પૂર્વક આગળ વધશો તેવી આશા સહ અસ્તુ.




### ઉપરાષ્ટ્રપતિઃ કૃષિ ક્ષેત્રને પ્રાથમિક તાણથી, ખરાબ હવામાન, અણધારી બજાર પરિસ્થિતિઓથી મુક્ત કરવાની જરૂર

# ખેડૂતોની સમસ્યાઓના ઉકેલ શોધવા માટે સમય ખૂબ મહત્વપૂર્ણ છે, ખેડૂતોની ચિંતાઓને પાછળ રાખી શકાતી નથીઃ ઉપરાષ્ટ્રપતિ

**આપણે આજે વિશ્વનો સૌથી મહત્વાકાંક્ષી રાષ્ટ્ર છીએ કારણ કે રસ્તા પછી, રેલ પછી, હવા પછી, ડિજિટલ કનેક્ટિવિટી પછી, તમને વધુ જોઈએ છે, શૌચાલય પછી, પાઇપ પાણી પછી, ગેસ કનેક્શન પછી, તમને વધુ જોઈએ છે, સસ્તું આવાસ પછી. તમને વધુ જોઈએ છે, મોટા પાયે બેંકિંગ સમાવેશ પછી, તમને વધુ જોઈએ છે, કારણ કે આ વસ્તુઓ અમારા સ્વપ્નની બહાર હતી, અમે ક્યારેય વિચાર્યું ન હતું કે આપણા સામાન્ય લોકોને ગામડાઓમાં આ લાભો મળશે.**

આજે ધારવાડમાં કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કૃષિ કોલેજના અમૃત મહોત્સવ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના મેળાવડાના ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પોતાનું સંબોધન કરતા, શ્રી ધનખડે કહ્યું કે, "ખેડૂતોની તકલીફ તાત્કાલિક રાષ્ટ્રીય ધ્યાનની માંગ કરે છે. ખેડૂતોને આર્થિક સુરક્ષાની જરૂર છે. આ દેશમાં આપણે એ પરવડી શકતા નથી કે વિકાસ થઈ રહ્યો છે અને આ વધારો રોકી શકાય નહીં અને આ વધારો પહેલા ક્યારેય ન થયો હોય તેટલો છે કે ખેડૂતોની ચિંતાઓને પાછળ ધકેલી દેવામાં આવે. સમય એ બધી સમસ્યાઓના ઉકેલનો સાર છે. પરંતુ હું કહીશ કે ખેડૂતોની સમસ્યાઓનું નિરાકરણ શોધવા માટે સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે. સરકાર કામ કરી રહી છે. અમે ઈચ્છીએ છીએ કે દરેક વ્યક્તિ સિનર્જેટીક મોડમાં રહે, ઉકેલો શોધવા માટે સકારાત્મક મન સાથે ભેગા થાય. રાષ્ટ્રના અર્થતંત્ર પર કૃષિ ક્ષેત્રની મોટી અસર પર પ્રકાશ પાડતા, શ્રી ધનખડે જણાવ્યું હતું કે, "કૃષિ આધારિત ઉદ્યોગો, કૃષિ પેદાશો આધારિત ઉદ્યોગો, કાપડ, ખોરાક, ખાદ્ય તેલ અને ઘણું બધું. તેઓ સમૃદ્ધ થઈ રહ્યા છે, તેઓ નફો કમાઈ રહ્યા છે. આપણા ખેડૂતોએ નફામાં સમાન રીતે ભાગ લેવો જોઈએ. આ સંસ્થાઓએ ખેડૂતોના કલ્યાણ માટે, કૃષિ ક્ષેત્રના સંશોધન માટે તેમના CSR ભંડોળનું દાન કરવું જોઈએ. તેમણે આ દિશામાં ઉદારતાથી વિચારવું જોઈએ કારણ કે ખેત પેદાશો તેમની જીવનરેખા છે અને તે ધબકારા ખેડૂત દ્વારા નિયંત્રિત થાય છે. આપણે ૩ કામ કરવાના છેઃ એક, આપણા ખેડૂતોને ખુશ રાખવા. બે, આપણા ખેડૂતોને ખુશ રાખો. અને ત્રીજું, કોઈપણ કિંમતે આપણા ખેડૂતોને ખુશ રાખો. "આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે જ્યારે ખેડૂત આર્થિક રીતે સ્વસ્થ હોય છે, ત્યારે અર્થતંત્ર ગતિશીલ બને છે કારણ કે તે ખેડૂતની ખર્ચ શક્તિ છે. જ્યારે ખેડૂતો ખર્ચ કરે છે, ત્યારે અર્થતંત્ર આપમેળે ચાલે છે. અને તેથી, આપણને બીજી સકારાત્મક અસર પડશે. જો કૃષિ ક્ષેત્ર ગતિશીલ, સરળ, સુવિધાજનક હોય, તેની કાળજી લેવામાં આવે અને સંભાળ રાખવામાં આવે તો કૃષિ ક્ષેત્રમાં કોઈ બિન-કાર્યક્ષમ સંપત્તિ રહેશે નહીં. "આપણે ખેડૂતો પર ધ્યાન આપવું જોઈએ જેમ આપણે ICU માં આપણા દર્દીઓ પર ધ્યાન આપીએ છીએ", તેમણે ઉમેર્યું. ખેડૂતોને પ્રતિકૂળ હવામાન અને બજારની અણધારી સ્થિતિ જેવા પ્રાથમિક તણાવમાંથી મુક્ત કરવાની જરૂરિયાત પર ભાર મૂકીને શ્રી ધનખરે જણાવ્યું હતું કે, "કૃષિ ક્ષેત્રનું પ્રાથમિક દબાણોનું વિશ્લેષણ કરવાનો અને તેમાંથી મુક્તિ આપવાનો સમય પાકી ગયો છે. સરકાર ઘણું બધું કરી રહી છે, પરંતુ ખેડૂત ખરાબ હવામાન, બજારની અણધારી પરિસ્થિતિઓ પર આધારિત છે. જો અછત હોય તો તે સહન કરે છે. જો ત્યાં પુષ્કળ છે, તો તે પીડાય છે. અને તેથી, આપણે આપણા ખેડૂતો સારું આર્થિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખે તે જોવા માટે પદ્ધતિઓ શોધવી પડશે. "તમામ પ્રકારની કૃષિ ક્ષેત્રની સબસીડીઓના સીધા હસ્તાંતરણની હિમાયત કરતા શ્રી ધનાખરે કહ્યું હતું કે, "હું ઈચ્છું છું અને ભારપૂર્વક પ્રશંસા કરું છું કે કૃષિ ક્ષેત્રને કોઈ પણ સ્વરૂપે જે સબસિડી આપવામાં આવે છે તે તમારા ખાતરો અથવા અન્યથા હોય, તે સીધા ખેડૂત સુધી પહોંચવી જોઈએ. ખેડૂત નક્કી કરે, ખાતરની સબસિડી પણ જે મોટી છે... કૃષિવિજ્ઞાનના અર્થશાસ્ત્રીઓએ વિચારવું જ જોઈએ કે જો આ સહાય સીધી ખેડૂતને જવી હોય તો તે ખેડૂતને રાસાયણિક ખાતરોના વિકલ્પમાં પ્રવેશ આપશે. ખેડૂત આ ભંડોળનો ઉપયોગ જૈવિક અને કુદરતી જવા માટે કરી શકે છે. હળદર બોર્ડની રચના માટે સરકારની પ્રશંસા કરતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, "વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ તરફથી જાહેરાત સાંભળીને મને ખૂબ આનંદ થયો. હળદર બોર્ડ, રાષ્ટ્રીય હળદર બોર્ડ, હળદર માટે એક મહાન પગલું. પાંચ વર્ષમાં ઉત્પાદન બમણું કરવામાં આવશે. નિકાસ બજાર બનાવવા માટે સકારાત્મક વલણ અપનાવવામાં આવશે. ખેડૂતોને ફાયદો થશે. ખેડૂતો તેમાં પણ મૂલ્ય ઉમેરશે..... ભારત સરકારે હળદર બોર્ડ બનાવીને હળદરને હીલિંગ ટચ આપ્યો છે. કેટલી સિદ્ધિ છે. હું સરકારને આવા વધુ બોર્ડ બનાવવા માટે ભારપૂર્વક વિનંતી કરું છું જેથી દરેક કૃષિ ઉત્પાદનને મૂલ્યવર્ધન અને વિશેષ ટ્રીટમેન્ટ મળે." ખેડૂતોને ટેકનોલોજી અપનાવવાની જરૂરિયાત તરફ ધ્યાન દોરતા શ્રી ધનખડે કહ્યું કે, "કૃષિ ક્ષેત્રને પરિવર્તનની જરૂર છે. પરિવર્તન સતત ચાલુ રહે છે. ટેકનોલોજીનું એકીકરણ. ટેકનોલોજી ઝડપથી બદલાઈ રહી છે. પરંતુ ખેડૂત હજુ પણ જૂના ટ્રેક્ટરને વળગી રહે છે. ટ્રેક્ટર એક એવું ક્ષેત્ર છે જેમાં સરકારી સબસિડી સૌથી વધુ છે. ખેડૂતે ટેકનોલોજી અપનાવવી જ જોઈએ. ટેકનોલોજી અપનાવવા માટે તેમને સમજાવવા જોઈએ. અને તે માટે, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો મુખ્ય કેન્દ્ર હોવા જોઈએ. દરેક કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સામાન્ય રીતે ૫૦,૦૦૦ ખેડૂતોને સેવા આપે છે. કલ્પના કરો કે જો તે ૫૦,૦૦૦ ખરેખર કૃષિ વિજ્ઞાન કેન્દ્રો સાથે જોડાયેલા હોય તો કૃષિ ક્ષેત્રમાં સકારાત્મક ક્રાંતિ આવશે. "કૃષિ સુધારણા અનિવાર્ય છે કારણ કે આપણે દરરોજ બદલાઈ રહ્યા છીએ. એક પરિવર્તનશીલ પરિવર્તન આવી રહ્યું છે. ઘણું બધું થઈ રહ્યું છે. પરંતુ ભારતીય કૃષિ સંશોધન પરિષદ અને તમારા જેવી સંસ્થાઓ હવે ખેડૂત-કેન્દ્રિત હોવી જોઈએ. દરેક વૈજ્ઞાનિક વિકાસ જમીની અનુભૂતિ સાથે સંકળાયેલો હોવો જોઈએ. તેની અસર જમીન પર અનુભવવી જોઈએ. ભારતીય કૃષિ સંશોધન પરિષદની અપ્રતિમ પહોંચે છે. તે પહોંચ જમીન પર પ્રતિબિંબિત થવી જોઈએ, તે પહોંચ દરેક ખેડૂતના કાનમાં પડઘો પાડવી જોઈએ", તેમણે ઉમેર્યું. તાજેતરના આર્થિક ઉછાળા અને દેશમાં વધતી જતી આકાંક્ષાઓ પર પ્રતિબિંબ પાડતા, ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, "આપણી પાસે ઘાતાંકીય આર્થિક ઉછાળો, આર્થિક ઉછાળો છે. આપણે સૌથી મોટી વૈશ્વિક અર્થવ્યવસ્થા છીએ જે ખૂબ ઝડપથી વધી રહી છે. આપણે એક સીમાચિહ્નથી બીજા સીમાચિહ્ન તરફ આગળ વધી રહ્યા છીએ. આપણે બે વર્ષમાં પાંચમા ક્રમના સૌથી મોટા વૈશ્વિક અર્થતંત્રથી ત્રીજા ક્રમના સૌથી મોટા વૈશ્વિક અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યા છીએ. આપણી પાસે અસાધારણ માળખાકીય વિકાસ છે. આપણી પાસે ઊંડો ડિજિટાઇઝેશન છે, ટેકનોલોજીકલ પ્રવેશ છે. આપણી રાષ્ટ્રીય છબી, પ્રધાનમંત્રીની છબી, આ દેશના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી વધુ છે. વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાએ રાષ્ટ્રને આકાંક્ષાઓના રાષ્ટ્રમાં રૂપાંતરિત કર્યું છે. આપણે આજે વિશ્વનો સૌથી મહત્વાકાંક્ષી રાષ્ટ્ર છીએ કારણ કે રસ્તા પછી, રેલ પછી, હવા પછી, ડિજિટલ કનેક્ટિવિટી પછી, તમને વધુ જોઈએ છે. શૌચાલય પછી, પાઈપ પાણી પછી, ગેસ કનેક્શન પછી, તમને વધુ જોઈએ છે. સસ્તું આવાસ પછી. તમને વધુ જોઈએ છે. મોટા પાયે બેંકિંગ સમાવેશ પછી, તમને વધુ જોઈએ છે. કારણ કે આ વસ્તુઓ અમારા સ્વપ્નની બહાર હતી. અમે ક્યારેય વિચાર્યું ન હતું કે આપણા સામાન્ય લોકોને ગામડાઓમાં આ લાભો મળશે. શૌચાલય, પાઈપ પાણી, ગેસ કનેક્શન, સસ્તું આવાસ, રોડ કનેક્ટિવિટી, ઈન્ટરનેટ કનેક્ટિવિટી.

# સારાએ વીરની 'પત્ની' બનવા ફોનથી અંતર જાળવ્યું

## સારા અલી ખાન ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થનારી અક્ષય કુમારની ફિલ્મ 'સ્કાય ફોર્સ'માં જોવા મળશે



સારા અલી ખાન ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થનારી અક્ષય કુમારની ફિલ્મ 'સ્કાય ફોર્સ'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે વીર પહાડીની પત્નીની ભૂમિકા ભજવી રહી છે.અક્ષય કુમારની ફિલ્મ સ્કાય ફોર્સમાં વીર પહરિયાની પત્નીની ભૂમિકા માટે સારા અલી ખાને ફોનથી પોતાને દૂર રાખ્યા હતા. સારા અલી ખાને વીર પહરિયાની 'પત્ની' બનવા માટે ખૂબ મહેનત કરી હતી, તેણે ફોનથી પણ દૂરી બનાવી રાખી હતી. અભિનેત્રી સારા અલી ખાનની મોસ્ટ અવેટેડ વોર-ડ્રામા 'સ્કાય ફોર્સ' સિનેમાઘરોમાં રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં જ રિલીઝ થયું છે.



રિલીઝ થયા પછી, અભિનેત્રીને તેના અભિનય માટે ઘણી પ્રશંસા મળી રહી છે.આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા એક સૂત્રએ જણાવ્યું હતું કે, સારા અલી ખાન સેટ પર શાંતિથી બેસીને એકલા પોતાની સ્ક્રિપ્ટ વાંચતી હતી. મહત્વપૂર્ણ દ્રશ્યો માટે ભાવનાત્મક રીતે સ્થિર રહેવા માટે તેણી સેટ પર ભટકવાનું ટાળતી હતી. તેના દ્રષ્ટિકોણથી તેને સૈનિકની પત્નીની ભૂમિકામાં સંપૂર્ણપણે પ્રવેશવામાં મદદ મળી.સૂત્રએ વધુમાં જણાવ્યું કે સારા અલી ખાન પોતાના પાત્રને સારી રીતે ભજવવા માટે સખત મહેનત કરતી હતી. તેણીએ સેટ પર ન તો પોતાનો ફોન વાપર્યો કે ન તો બીજું કંઈ કર્યું જે તેનું ધ્યાન ભટકાવી શકે. ખરેખર, 'સ્કાય ફોર્સ'માં સારા અલી ખાન વીર પહાડિયાની પત્નીની ભૂમિકામાં જોવા મળે છે અને સારાએ આ ભૂમિકા માટે પોતાને તૈયાર કરવા માટે ખૂબ મહેનત કરી છે.'સ્કાય ફોર્સ'માં વીર પહાડિયાએ એક બહાદુર સૈનિકની ભૂમિકા ભજવી છે. જ્યારે સારા તેની મજબૂત અને સરળ પત્નીની ભૂમિકામાં જોવા મળશે. આ પ્રોજેક્ટમાં અક્ષય કુમાર વિંગ કમાન્ડર કેઓ આહુજા અને નિમરત કૌર તેમની પત્ની તરીકે જોવા મળશે. આ ઉપરાંત 'સ્કાય ફોર્સ'માં શરદ કેલકર, મોહિત ચૌહાણ અને મનીષ ચૌધરી પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

### ઉર્વશી રૌતેલા હંમેશાં અલગ અલગ રીતે ચર્ચામાં રહે છે

# ૩૪ વર્ષ મોટા અભિનેતા સાથે ડાન્સ કરવાનું ભારે પડ્યું

## એક યુઝરે લખ્યું હતું કે 'ઉર્વશી સ્પષ્ટ રીતે અસ્વસ્થ જોવા મળી હતી અને તેના ચહેરા પર સ્પષ્ટ દેખાય છે'

બોલીવુડની જાણીતી અભિનેત્રી ઉર્વશી રૌતેલા હંમેશાં અલગ અલગ રીતે ચર્ચામાં રહે છે. આજકાલ અભિનેત્રી તેના ગીત 'દબીડી-દબીડી' માટે ચર્ચામાં છે. 'ડાકુ મહારાજ'નું આ ગીત અને ઉર્વશી ઘણા કારણોસર ચર્ચામાં છે. પહેલું કારણ નંદમુરી બાલકૃષ્ણ અને અભિનેત્રી વચ્ચે ૩૪ વર્ષનો તફાવત છે અને બીજું ગીતના સ્ટેપ્સ છે. દબીડી દબીડીના ડાન્સ સ્ટેપ્સ સોશિયલ મીડિયા યુઝર્સને એકદમ અશ્લીલ જણાયા હતા. મંગળવારે ઉર્વશી રૌતેલાએ ઈન્સ્ટાગ્રામ પર પોતાનો એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે 'ડાકુ મહારાજ'ની સક્સેસ પાર્ટીમાં નંદમુરી બાલકૃષ્ણ સાથે 'દબીડી-દબીડી' પર ડાન્સ કરતી જોવા મળી હતી. આ વીડિયોમાં નંદમુરી સાથે ડાન્સ કરતી વખતે ઉર્વશી ઘણી જગ્યાએ અસહજ દેખાઈ રહી હતી. સોશિયલ મીડિયા પર યુઝર્સે આ અંગે કોમેન્ટ કરી હતી. એક યુઝરે લખ્યું હતું કે 'ઉર્વશી સ્પષ્ટ રીતે અસ્વસ્થ જોવા મળી હતી અને તેના ચહેરા પર સ્પષ્ટ દેખાય છે.' બીજાએ લખ્યું હતું કે 'આ બિલકુલ રમુજી નહોતું. સર, આવું વર્તન કરશો નહીં એ તમારી દીકરી જેવી છે.'ઉર્વશી રૌતેલાએ પણ ગીતને લઈને સતત ટ્રોલ થવા પર પ્રતિક્રિયા આપી હતી. ઉર્વશી રૌતેલાએ લખ્યું હતું કે તેના માટે સાવ અલગ અનુભવ હતો અને અભિનેત્રીએ તેને કલા પ્રત્યેનું તેનું સમર્પણ ગણાવ્યું છે. તેણે વધુમાં કહ્યું કે સફળતાની સાથે આલોચના પણ મળે છે. લોકોના અભિપ્રાય આનો એક ભાગ છે. નંદમુરી ગરુ જેવા દિગ્ગજ સાથે કામ કરવું એ મારા માટે સન્માનની વાત છે.ડાકુ મહારાજ, બોબી કોલી દ્વારા નિર્દેશિત અને નાગા વામસીના સિતારા એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ નિર્મિત, નંદમુરી બાલકૃષ્ણ અને ઉર્વશી રૌતેલા સાથે બોબી દેઓલ પણ મહત્વની ભૂમિકામાં છે. ફિલ્મમાં બોબી દેઓલ ફરી એક વાર ખલનાયકની ભૂમિકામાં છે. ફિલ્મ ૧૨ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે.





### ફિલ્મ ડાકુ મહારાજની ખૂબ ચર્ચા થઈ રહી છે

# ડાકુ મહારાજની ફિલ્મે માત્ર ૩ દિવસમાં અનેક રેકોર્ડ બનાવ્યા

ફિલ્મ ડાકુ મહારાજની ખૂબ ચર્ચા થઈ રહી છે. આ ફિલ્મે માત્ર ૩ દિવસમાં અનેક રેકોર્ડ બનાવ્યા છે. આ ફિલ્મમાં બોબી દેઓલ પણ છે.ડાકુ મહારાજ બોક્સ ઓફિસ કલેક્શન ત્રીજા દિવસે ૫૦ કરોડ ક્લબમાં પ્રવેશ્યું છે નંદમુરી બાલકૃષ્ણ બોબી દેઓલ ફિલ્મને સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.ચાહકો નંદમુરી બાલકૃષ્ણ અને બોબી દેઓલની ફિલ્મ ડાકુ મહારાજને ખૂબ પસંદ કરી રહ્યા છે. ૧૨ જાન્યુઆરીએ રિલીઝ થયેલી આ ફિલ્મે માત્ર ૩ દિવસમાં જ ધૂમ મચાવી દીધી છે. આ ફિલ્મે ઘરેલુ બોક્સ ઓફિસ પર ૫૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે.એક રિપોર્ટ મુજબ, ડાકુ મહારાજે ભારતમાં પહેલા દિવસે ૨૫.૩૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ફિલ્મે બીજા દિવસે ૧૨.૮ કરોડ રૂપિયાની કમાણી કરી. હવે સમાચાર છે કે ફિલ્મે ત્રીજા દિવસે ૧૨ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. જણાવી દઈએ કે ફિલ્મના ત્રીજા દિવસના બોક્સ ઓફિસ કલેક્શનના આંકડા હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા નથી. પણ જો ફિલ્મે ત્રીજા દિવસે ૧૨ કરોડ રૂપિયાની કમાણી કરી હોય. આમ ફિલ્મનું કુલ કલેક્શન ૫૦.૧૫ કરોડ રૂપિયા થઈ ગયું છે. એટલું જ નહીં, ફિલ્મે માત્ર બે દિવસમાં વિશ્વભરમાં ૭૪ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. સીતારા એન્ટરટેઈનમેન્ટ્સે જાહેરાત કરી હતી કે ફિલ્મે બે દિવસમાં વિશ્વભરમાં ૭૪ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. ઉર્વશીએ આ સફળતા વિશે પોસ્ટ કરી હતી. તેમણે લખ્યું હતું - ૨ દિવસમાં વિશ્વભરમાં ૭૪ કરોડ. ડાકુ મહારાજ સુપર ગ્રાન્ડ સક્સેસ. બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી. ફિલ્મની વાત કરીએ તો, આ ફિલ્મમાં નંદમુરી બાલકૃષ્ણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મમાં બોબી દેઓલ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. ઉર્વશી રૌતેલા, પ્રજ્ઞા જયસ્વાલ, શ્રદ્ધા શ્રીનાથ અને ચાંદિની ચૌધરી જેવા સ્ટાર્સ છે. ફિલ્મનું ઉર્વશી રૌતેલાનું એક ગીત ખૂબ જ લોકપ્રિય થયું છે.આ ગીત તેની કોરિયોગ્રાફીને કારણે ટીકાનો સામનો કરી રહ્યું છે. આ સિવાય ઉર્વશી અને નંદમુરી બાલકૃષ્ણનો બીજો ડાન્સ વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં, નંદમુરી બાલકૃષ્ણ ફરી એકવાર તેમના પગલાઓને કારણે ટ્રોલ થઈ રહ્યા છે.




# જાણીતા એક્ટર સુદીપ પાંડેનું હાર્ટ એટેકના કારણે નિધન


જાણીતા ભોજપુરી એક્ટર સુદીપ પાંડેનું હાર્ટ એટેકના કારણે નિધન થતાં ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર છવાઈ છે. બિહારના ગયા જિલ્લાના ટેકરીના રહેવાસી સુદીપે કેટલીક હિન્દી ફિલ્મોમાં પણ કામ કર્યું હતું અને રાજકારણ સાથે પણ સંકળાયેલા હતા. સુદીપ બિહાર ટુરિઝમના બ્રાન્ડ એમ્બેસેડર પણ રહી ચૂક્યા છે.હાર્ટ એટેક આવવાથી ભોજપુરી એક્ટરનું નિધનમળતી માહિતી મુજબ, આજે બુધવારે સવારના અગિયાર વાગ્યાની આસપાસ એક્ટર સુદીપને હાર્ટ એટેક આવ્યો હતો. સુદીપે અનેક ભોજપુરી ફિલ્મોમાં કામ કર્યું છે. આ સાથે તેઓ ફિલ્મ પ્રોડ્યુસર પણ રહી ચૂક્યા છે. તેમજ કેટલીક હિંદી ફિલ્મોમાં પણ જોવા મળ્યા છે. આ ઉપરાંત, સુદીપ એનસીપી પાર્ટી સાથે પણ જોડાયેલા હતા. સુદીપ પોતાની કરિયરની શરૂઆતમાં એક સોફ્ટવેર એન્જિનિયર હતા, પરંતુ આ પછી તેમણે વર્ષ ૨૦૦૭માં ફિલ્મ ભોજપુરિયા ભૈયાથી ભોજપુરી ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. પરિવારે જણાવ્યું હતું કે, સુદીપ તેની આગામી ફિલ્મ 'પારો પટના વાલી'ના બીજા ભાગના શૂટિંગને લઈને ઘણો વ્યક્ત હતો.

### મિલેના સાથે લગ્ન કર્યા હતાં ત્યારે તે ૨૧ વર્ષની હતી

# સાહિલની પત્નીએ ઈસ્લામ અંગીકાર કર્યો



એક્ટર અને ફિટનેસ આઈકોન સાહિલ ખાનની પત્ની મિલેના એલેક્ઝેનડ્રાએ ઈસ્લામ ધર્મ અપનાવી લીધો છે. આ વાતની જાણકારી પોતે સાહિલે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી આપી છે. સાહિલે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'આ વાતની જાહેરાત કરતાં મને ખૂબ ગર્વ થઈ રહ્યો છે કે મારી પત્ની મિલેના એલેકઝેન્ડ્રાએ ઈસ્લામ ધર્મ અપનાવવાનો નિર્ણય લીધો છે. આ સુંદર યાત્રા માટે અલ્લાહુ અકબર! અલ્લાહ અમને માફ કરે અને અમારી દુઆ કબૂલ કરે.'મિલેના માત્ર ૨૨ વર્ષની છે. જ્યારે સાહિલે વર્ષ ૨૦૨૪માં મિલેના સાથે લગ્ન કર્યા હતાં ત્યારે તે લગભગ ૨૧ વર્ષની હતી જ્યારે સાહિલે વર્ષ ૨૦૨૪માં મિલેના સાથે લગ્ન કર્યા હતાં ત્યારે તે લગભગ ૨૧ વર્ષની હતી. સાહિલ અને મિલેનાની વચ્ચે ૨૬ વર્ષનું અંતર છે. આ સાહિલના બીજા લગ્ન છે. આ પહેલા સાહિલે વર્ષ ૨૦૦૩માં નિગાર ખાન સાથે લગ્ન કર્યા હતા. જોકે, લગ્નના બે વર્ષ બાદ જ બંનેના ડિવોર્સ થઈ ગયા હતા. સાહિલની પોસ્ટ પર કમેન્ટ કરી એક યુઝરે લખ્યું, 'જો તે તને સાચો પ્રેમ કરે છે તો તેને ઈસ્લામ ધર્મ અપનાવવાની જરૂર શું છે.' જો તું તેને સાચો પ્રેમ કરે છે તો શું તું ખ્રિસ્તી ધર્મ સ્વીકાર નહોતો કરી શકતો? મને કોઈ વાંધો નથી. હું તો બસ એમ જ પૂછી રહ્યો છું.' બીજાએ લખ્યું, 'શું લગ્ન બાદ ધર્મ બદલવો જરૂરી છે.?' ત્રીજા યુઝરે લખ્યું, 'જો તું હકીકતમાં તેને પ્રેમ કરે છે તો તું શું ઈચ્છે છે કે તે પોતાનો ધર્મ બદલે? તેને તે રીતે જ સ્વીકારો જેવી તે છે.' સાહિલે વર્ષ ૨૦૦૧માં આવેલી ફિલ્મ 'સ્ટાઈલ' થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. જે બાદ સાહિલે 'એક્સક્યૂઝ મી' માં કામ કર્યું. જોકે, સાહિલને ગમ્યું નહીં. દરમિયાન તેણે બોલિવૂડ છોડી દીધું અને પોતાનું ડ્રીમ પૂરું કર્યું. સાહિલ અત્યારે એક જિમનો માલિક છે અને તેની 'ડિવાઈન ન્યૂટ્રિશન' નામની એક કંપની પણ છે.





# 'જેલર ૨' ની જાહેરાત, ટીઝરે જગાવી ભારે ઉત્તેજના

## ટીઝરની શરૂઆત 'જેલર ૨'ના દિગ્દર્શક નેલ્સન-સંગીત દિગ્દર્શક અનિરુદ્ધ સાથે થાય છે

દક્ષિણના સુપરસ્ટાર રજનીકાંતની મોસ્ટ અવેટેડ ફિલ્મ જેલર ૨ ની જાહેરાત કરવામાં આવી છે. નિર્માતાઓએ ફિલ્મનું પહેલું ટીઝર રિલીઝ કર્યું છે જેમાં રજનીકાંતની ઝલક જોવા મળે છે. જેમાં તેમનો દમદાર લુક ફેન્સને ભારે ઉત્તેજિત કરી રહ્યો છે.દક્ષિણના સુપરસ્ટાર રજનીકાંત ફરી એકવાર જબરદસ્ત એક્શન માટે તૈયાર છે. તેમની સુપરહિટ ફિલ્મ 'જેલર' ની સિક્વલ 'જેલર ૨' ની જાહેરાત કરવામાં આવી છે. નિર્માતાઓએ ફિલ્મનું પહેલું ટીઝર રિલીઝ કર્યું છે જેમાં રજનીકાંતની ઝલક જોવા મળે છે.ટીઝરની શરૂઆત 'જેલર ૨'ના દિગ્દર્શક નેલ્સન અને સંગીત દિગ્દર્શક અનિરુદ્ધ સાથે થાય છે જેઓ નવી સ્ક્રિપ્ટની ચર્ચા કરતા જોવા મળે છે. આ દરમિયાન, તેઓ કેટલાક લોકોથી ઘેરાયેલા હોય છે જેમને એક પછી એક ગોળી વાગી જાય છે અને ઘાયલ હાલતમાં ભાગી જાય છે. આ પછી, રજનીકાંત પ્રવેશ કરે છે અને ગુંડાઓને મારવા માટે તેમની પાછળ જાય છે.'જેલર ૨' ના ટીઝરમાં, રજનીકાંત લોહીથી લથપથ સફેદ શર્ટ પહેરેલા જોવા મળે છે. તેના એક હાથમાં બંદૂક અને બીજા હાથમાં તલવાર છે. ગુસ્સાથી તે નેલ્સન અને અનિરુદ્ધને ગુંડાઓ વિશે પૂછે છે, જેઓ તેને સરનામું આપે છે. આ પછી, રજનીકાંત નેલ્સન અને અનિરુદ્ધ જે ઘરમાં છે તે ઘર પર બોમ્બમારો કરે છે. આ પછી સુપરસ્ટારને મુશ્કેલીઓ અને ગોળીઓનો સામનો કરતા જોઈ શકાય છે.જણાવી દઈએ કે 'જેલર ૨' એ રજનીકાંતની ૨૦૨૩ માં આવેલી ફિલ્મ 'જેલર' ની સિક્વલ છે. ફિલ્મમાં રજનીકાંતનો અદ્ભુત અવતાર લોકોને ખૂબ ગમ્યો અને તે સુપરસ્ટારના કરિયરની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની. જેલર તમિલ સિનેમાના ઈતિહાસમાં સૌથી સફળ ફિલ્મોમાંની એક છે અને હવે નિર્માતાઓને 'જેલર ૨' થી ઘણી આશાઓ છે, હાલમાં ફિલ્મની રિલીઝ તારીખ વિશે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી




# કરણ જોહરનો લાઈફ પાર્ટનર વ્યક્તિ નહી એપ છે

## કરણ જોહરની એક ટી-શર્ટે લોકોનું ધ્યાન ખેંચ્યું હતું અને ઘણી હેડલાઇન્સ બનાવી હતી

કરણ જોહર આ દિવસોમાં પોતાની લેટેસ્ટ પોસ્ટને કારણે ચર્ચામાં છે. ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી તાજેતરની પોસ્ટમાં, ફિલ્મમેકરે ખુલાસો કર્યો છે કે, તે કોઈને ડેટ કરી રહ્યો છે. આ સાથે, તેણે તેના પાર્ટનરની ખૂબીઓ પણ જણાવી છે.કરણ જોહર એ બોલિવૂડ સ્ટાર્સમાં સામેલ છે જે સોશિયલ મીડિયા પર સૌથી વધુ સમય પસાર કરે છે. તે અવારનવાર તેની પોસ્ટથી ફેન્સ સાથે તેની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફની અપડેટ્સ શેર કરે છે. તાજેતરમાં જ ફિલ્મમેકર કરણ જોહરે કહ્યું કે, ''તે કોઈને ડેટ કરી રહ્યો છે.'' આ પછી આ સમાચાર આગની જેમ સોશિયલ મીડિયામાં ફેલાઈ ગયા છે. તેણે કરેલી પોસ્ટ મુજબ, તેની પાર્ટનર તેની વાત સાંભળે છે અને કેટલાક બિલ ચૂકવવામાં પણ મદદ કરે છે.હવે તમે વિચારતા હશો કે કોણ છે જેના પ્રેમમાં કરણ જોહર પાગલ થઈ રહ્યો છે. આ કોઈ વ્યક્તિ નથી પરંતુ ફોન એપ છે. આ એપ ઈન્સ્ટાગ્રામ છે. કરણ જોહરે સોશિયલ મીડિયા પર એક ફની પોસ્ટ શેર કરતા કહ્યું કે, ''તે ઈન્સ્ટાગ્રામને ડેટ કરી રહ્યો છે.ફિલ્મમેકરે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, 'હું ઈન્સ્ટાગ્રામને ડેટ કરી રહ્યો છું. તે મારી દરેક વાત સાંભળે છે. મને મારા સપનાને અનુસરવા દે છે અને મારા કેટલાક બિલ પણ ચૂકવે છે. તેને પ્રેમ ન કરવાનું કોઈ કારણ નથી.'કરણની ખાસિયત એ છે કે, તે પોતાની જાત પર જ હસવાની કળામાં માહેર છે. ઘણા વર્ષોથી, તે પોતાના પર જ જોક્સ બનાવીને મજાક ઉડાવતો હોય છે, અને તેના ફેન્સને હસાવતો હોય છે. કરણ ઈન્સ્ટાગ્રામમાં અવનવી પોસ્ટ કરીને ફેન્સનું મનોરંજન કરતો હોય છે. થોડા દિવસો પહેલા, કરણ જોહરની એક ટી-શર્ટે લોકોનું ધ્યાન ખેંચ્યું હતું અને ઘણી હેડલાઈન્સ બનાવી હતી. કરણ જોહર, જેને નેપોટિઝમનો સપોર્ટિંગ કહેવામાં આવે છે, તેણે 'નેપો બેબી'નું ટી-શર્ટ પહેર્યું હતું.



### 'આઝાદ' ૧૭ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે

# રાશાએ કાંડા પર કાળા દોરાઓ કેમ બાંધ્યા છે?

અભિનેત્રી રવિના ટંડનની દીકરી રાશા થડાની ટૂંક સમયમાં બોલીવુડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. રાશાની પહેલી ફિલ્મ 'આઝાદ' ૧૭ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં રાશા સાથે અજય દેવગનનો ભત્રીજો અમન દેવગન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.જોકે, અત્યારે રાશા તેની આગામી ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. તેનું ગીત 'ઉઇ અમ્મા' થોડા દિવસ પહેલા જ રિલીઝ થયું હતું, જેની ખૂબ ચર્ચા છે. આ ગીતને અત્યાર સુધીમાં ૩૪ મિલિયનથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે. રાશા ફિલ્મની સાથે તેની આધ્યાત્મિક બાજુ માટે પણ ચર્ચામાં છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન રાશા અલગ-અલગ લુકમાં જોવા મળી હતી, પરંતુ દરેક વખતે તેના હાથ પર કાળા દોરા બાંધેલા હતા. જેની અનેક લોકોએ નોંધ લીધી હતી.કેટલાકે કહ્યું કે સ્ટાર કિડ ખરાબ નજરથી બચવા માટે આ દોરા બાંધે છે, જ્યારે અન્ય લોકોએ તેને તેની આગામી ફિલ્મ સાથે જોડ્યું હતું. પરંતુ, હવે રાશા થડાનીએ પોતે જ પોતાના હાથ પર આટલા બધા કાળા દોરાઓ કેમ બાંધ્યા છે તેનું કારણ અને મહત્વ જણાવ્યું છે. સાથે દોરાની ગણતરી પણ કરી હતી.રાશાએ જણાવ્યું હતું કે હાલમાં તેણે પોતાના હાથમાં ૧૧ કાળા દોરા બાંધ્યા છે, જે ૧૨ જ્યોતિર્લિંગ દર્શાવે છે. રાશાએ કહ્યું- 'હું અત્યાર સુધી જ્યાં પણ ગઈ છું, દરેક જગ્યાએ મેં દોરો બાંધ્યો છે. કેદારનાથ, સોમનાથ, રામેશ્વરમ,કાશી વિશ્વનાથ આમાંથી એક દોરો બદ્રીનાથ ધામનો પણ છે, અભિનેત્રી રવિના ટંડનની દીકરી રાશા થડાની ટૂંક સમયમાં બોલીવુડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે, જોકે, તે જ્યોતિર્લિંગ નથી.રાશા આગળ જણાવ્યું હતું કે મેં અત્યાર સુધીમાં ૧૧ જ્યોતિર્લિંગના દર્શન કર્યા છે. 'આઝાદ' ૧૭ જાન્યુઆરીએ એટલે કે આજે સિનેમાઘરોમાં રિલીઝ થશે નાગેશ્વર જવાનું બાકી છે. મને આશા છે કે આ વર્ષે હું ચોક્કસપણે ત્યાં જઈશ. હું ભગવાન શિવની ભક્ત છું. તમને જણાવી દઈએ કે 'આઝાદ' ૧૭ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે, જે રાશા થડાની અને અમન દેવગનની ડેબ્યૂ ફિલ્મ છે.






# ઝાલોદ પંચાલ સમાજ દ્વારા સમાજના વિકાસ તેમજ સામાજિક કાર્યો માટે નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ પંચાલ સમાજ નગરમાં દરેક ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે. પંચાલ સમાજની જૂની કારોબારી સમિતિની અવધિ પુરી થતાં નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. વિતેલા વર્ષોમાં જૂની કારોબારી સમિતિ દ્વારા સમાજના વિકાસ તેમજ સમાજના લગતા દરેક કાર્યક્રમો ખૂબ સુંદર અને કુનેહ પૂર્વક કરવામાં આવેલ હતા. જૂની કારોબારી સમિતિની ઉત્તમ કામગીરી ને વખાણી નવી નિમવામાં આવેલ કારોબારી સમિતિ પણ વધુ મજબૂત સામાજિક કામગીરી કરે તેવી આશા સમાજે રાખેલ હતી. સમાજની કારોબારી રચના માટે વિશ્વકર્મા મંદિર ખાતે ભરાયેલ મીટિંગમાં સર્વ સંમતિ થી પ્રમુખ અનિલભાઈ રસિકલાલ પંચાલ, ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ હસમુખભાઈ પંચાલ, મંત્રી નરેન્દ્રભાઈ જેંતીલાલ પંચાલ, સહમંત્રી કૌશિકભાઈ લાલચંદભાઈ પંચાલ, ખજાનચી જીતેન્દ્રભાઈ નગીનલાલ પંચાલ ઓડીટિર કીરીટભાઈ કાંતિલાલ પંચાલની નિમણૂક કરવામાં આવી હતી.

# ખો ખો વર્લ્ડ કપ, ભારત-ડાંગની દીકરીએ દિલ્હી ગજવ્યુ : સાઉથ કોરિયા, ઈરાન અને મલેશિયા સામેની મેચ રમવા પહોંચી

। (માહિતી) ડાંગ, તા.૧૬ ।

ડાંગ જિલ્લાની મુળ વતની એવી ઓપીના ભીલારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખો-ખો રમતમા પોતાનુ નામ રોશન કરતા 'વર્લ્ડ કપ ૨૦૨૫' ની પ્રથમ મેચમા સાઉથ કોરિયા સામે પદાર્પણ કર્યું છે. ખો ખો વર્લ્ડ કપના બીજા દિવસે વુમન્સ ટીમની પ્રથમ મેચ સાઉથ કોરિયા સામે રમાઈ હતી. જે ભારતીય મહિલા ટીમે રેકોર્ડ બ્રેક માર્જિનથી જીતી લીધી હતી. આ મેચમા ભારતીય ટીમે ૧૭૫ અંક કબ્જે કર્યા હતા. જ્યારે સાઉથ કોરિયાની ટિમ માત્ર ૧૮ અંકો જ પ્રાપ્ત કરી શકી હતી. આ મેચમા ગુજરાત ખો ખો ટીમની કેપ્ટન એવી કુ.ઓપીના ભિલાર પણ ટીમનો હિસ્સો હતી. દિલ્હીથી દુરવાણી ઉપર વાત કરતા ડાંગની આ યુવતિએ આજે એટલે કે તા.૧૫મી એ સાંજે ઈરાન સામે, અને આવતી કાલ એટલે કે તા.૧૬મી ની




સાંજે મલેશિયા સામે પણ તેનુ બેસ્ટ પરફોર્મન્સ આપવા તે તૈયાર છે તેમ કહ્યુ હતુ. ઓપીના સહિત ટીમના તમામે તમામ ખેલાડીઓ ખૂબ ઉત્સાહ સાથે મહેનત કરી રહ્યા છે તેમ જણાવતા તેણીએ, તેની ટીમના કોચ શ્રી સુમિત ભાટિયા અને તેણીના ગુજરાતના કોચ શ્રી સુનિલ મિસ્ત્રી તેને સતત માર્ગદર્શન પુરુ પાડી રહ્યા છે, તેમ ઉમેર્યું હતું.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ગુજરાતના દરિયાઈ સીમા ક્ષેત્રના જિલ્લાઓના અંતરિયાળ ગામોની મુલાકાતે



। (માહિતી) ગાંધીનગર, તા.૧૬ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ગુજરાતના દરિયાઈ સીમા ક્ષેત્રના જિલ્લાઓના અંતરિયાળ ગામોની મુલાકાતે છે. આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા જિલ્લાઓમાં તેઓ લોકોને મળી રહ્યા છે અને ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કરી રહ્યા છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ પાંચ દિવસોમાં જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના પાંચ અંતરિયાળ ગામોની મુલાકાત લઈને ગ્રામજનો સાથે સીધો સંવાદ કર્યો છે. ગુજરાતના સરહદી ક્ષેત્રના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને મળતા રહેવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં અનુરોધ કર્યો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી નિયમિત રીતે ગુજરાતના આંતરરાષ્ટ્રીય સીમા ક્ષેત્રના વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે. આ અગાઉ તેમણે કચ્છ અને બનાસકાંઠા જિલ્લાના સીમા ક્ષેત્રના ગ્રામીણ વિસ્તારોની મુલાકાત લીધી હતી. અત્યારે તેઓ ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના દરિયાઈ સીમા ક્ષેત્રના જિલ્લાઓની સાત દિવસની મુલાકાતે છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મિઠોઈ, દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકાના ધંધૂસર, દ્વારકા તાલુકાના ધિણકી, પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડ, જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના મરમઠ ગામમાં અને ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મૂળ દ્વારકા ગામમાં સ્થાનિક ગ્રામજનોને મળીને સંવાદ કર્યો હતો. આ તમામ ગામોમાં તેમણે ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કરીને તેમને પ્રાકૃતિક ખેતીની વિગતવાર સમજણ આપી હતી. પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહન અને પ્રેરણા આપી હતી. આ તમામ સ્થળોએ તેમણે ખેડૂતો, ગ્રામજનો અને આગેવાનો પાસેથી ગુરુદક્ષિણામાં પ્રાકૃતિક ખેતી કરવાનું વચન માગ્યું હતું.

# ડાંગમાં જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક દિન સુબીરના નવજ્યોત હાઇસ્કુલ ખાતે યોજાશે



। (માહિતી) ડાંગ, તા.૧૬ ।

ડાંગ જિલ્લા કક્ષાના આહવા ખાતે યોજાનારા પ્રજાસતાક દિન બાબતે, સંબંધિત જિલ્લા અધિકારીઓને માર્ગદર્શિત કરતા ઈન્ચાર્જ કલેક્ટર શ્રી બી. બી. ચૌધરીએ પ્રજાસત્તાક દિવસની ગરિમાપુર્ણ ઉજવણી સુનિશ્ચિત કરવાની હિમાયત કરી હતી. ડાંગ જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકને સંબોધતા ઈન્ચાર્જ કલેક્ટરશ્રીએ કાર્યક્રમ સ્થળની ચકાસણી સહિત રજૂ થનારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો, માહિતીપ્રદ ટેબ્લો, શિસ્તબદ્ધ પરેડ તથા વ્યક્તિ વિશેષના સન્માન સહિતના કાર્યક્રમની વ્યવસ્થાઓ બાબતે પરામર્શ કર્યો હતો. જિલ્લા અધિકારીઓને કાર્યક્રમ સંબંધિત ફાળવેલી જવાબદારીઓ પૂર્ણ નિષ્ઠા સાથે સુપેરે બજાવવાની હિમાયત કરતા, કલેક્ટરે કાર્યક્રમનું મિનિટ ટુ મિનિટ રિહર્સલ, પાર્કિંગ વ્યવસ્થા, ડાયસ પ્લાન, એનાઉન્સર, મહાનુભાવોના આગમન સંબંધિત વ્યવસ્થાઓ વિગેરે મુદ્દે જિલ્લા અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠકની કાર્યવાહી સંભાળતા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ ખાંટે વિભાગવાર કામગીરી સંદર્ભે જિલ્લા અધિકારીઓને માર્ગદર્શિત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનનો કાર્યક્રમ સુબીરના નવજ્યોત હાઈસ્કુલ, સુબીર ખાતે, આહવા તાલુકા કક્ષાનો કાર્યક્રમ જાખાના તેમજ, વઘઈ તાલુકા કક્ષાનો કાર્યક્રમ સરવર ખાતે યોજાનાર છે.

# થાળાલીમડી શાળાના શિક્ષક શ્રી મુકેશભાઈ નિનામાને ચિત્રકૂટ એવોર્ડ એનાયત કરાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

દર વર્ષે પરમ પૂજ્ય મોરારી બાપુના વરદ હસ્તે દરેક જિલ્લામાં થી શ્રેષ્ઠ કામગીરી કરતાં એક શિક્ષકને ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા મુકામે પારિતોષિક એનાયત કરવામાં આવે છે.ચાલુ વર્ષે- ૨૦૨૪ નો દાહોદ જિલ્લાનો ચિત્રકુટ એવોર્ડ થાળાલીમડી શાળાના શિક્ષક મુકેશભાઈ એમ નિનામાએ શિક્ષણ ક્ષેત્રે કરેલી શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં રાખીને તેમના નામની પસંદગી દાહોદ જિલ્લામાથી કરવામાં આવી હતી. પરમ પૂજ્ય મોરારી બાપુનાં હસ્તે શાલ ઓઢાડીને પ્રમાણપત્ર આપી મોમેન્ટો તથા ૨૫ હજારનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવતા,સમગ્ર દાહોદ જિલ્લામાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. સમગ્ર દાહોદ જિલ્લામાંથી સૌ સારસ્વત ભાઈઓ-બહેનો, શિક્ષણ વિભાગ, સમાજ તથા શિક્ષક સંગઠનો દ્વારા ખૂબ-ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# લીમડી મુકામે શક્તિ સવ્રધન ૨૪ કુંડી મહાયજ્ઞ પ્રારંભ કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

લીમડી નગરમાં વિશ્વ કલ્યાણ અને સુખાકારી માટે શક્તિ સવ્રધન ૨૪ કુંડી મહાયજ્ઞ પ્રારંભ કરાયું.ઝાલોદ તાલુકાના લીમડી ગાયત્રી શક્તિપીઠ ખાતે આજે તારીખ ૧૬/૦૧/૨૦૨૫ થી ૧૮/૦૧/૨૦૨૫ સુધી ભારતીય ઋષિ પરંપરા અને તેના ગૌરવને પુનઃ સ્થાપિત કરવા માટે ૨૪ કુંડી મહાયજ્ઞ સહિત વિવિધ કાર્યક્રમો યોજાયો. મહાકળશ યાત્રા,ભવ્ય યુવા સંમેલન, વિરાટ મહિલા સંમેલન,ઋષિ પરંપરા મુજબ ગર્ભોત્સવ અને વિવિધ સંસ્કાર તેમજ વિરાટ દીપ મહાયજ્ઞ કાર્યક્રમો થયા. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર હરિદ્વાર શાંતિકુંજના માર્ગદર્શન હેઠળ લીમડી શક્તિપીઠ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા.

# પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ વાપીના કરાયામાં મોડલ ફાર્મની મુલાકાત લીધી



। (માહિતી) વલસાડ, તા.૧૬ ।

વલસાડ જિલ્લાના આત્મા પ્રોજેક્ટ દ્વારા વાપી તાલુકાના કરાયા ગામ ખાતે જિલ્લાના તમામ ખેતીવાડીનો સ્ટાફ, ફાર્મર માસ્ટર ટ્રેનર અને પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત પરાગભાઈના મોડલ ફોર્મની મુલાકાત કરાવી હતી. આ મુલાકાત વેળા જિલ્લા ખેતીવાડી અધિકારી અરૂણ ગરાસિયા અને આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર ધિરેન પટેલે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર વિમલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આઈ.એન.એસ. સરદાર પટેલ અને આઈ.એન.એસ.બેતવાની મુલાકાત

# રાષ્ટ્રીય સુરક્ષામાં ભારતીય નૌકાદળના યોગદાનને સમજવાનો મહત્વપૂર્ણ અવસર છે : રાજ્યપાલ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૬ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના દરિયાઈ સીમા વિસ્તારમાં નૌકાદળ મુખ્યાલય ગુજરાત, દીવ અને દમણ, પોરબંદર (HQG-D&D)ની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેઓએ રિયર એડમિરલ સતીશ વાસુદેવ, એન. એમ., ફ્લેગ ઓફિસર, ગુજરાત નેવલ એરિયાની સાથે ચર્ચા કરી હતી.

આ અવસરે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, આ મુલાકાત ભારતીય નૌકાદળની ભૂમિકા, તેની કાર્યપ્રણાલી અને રાષ્ટ્રીય સુરક્ષામાં તેના યોગદાનને સમજવાનો મહત્વપૂર્ણ અવસર સાબિત થયો છે. આઈ.એન.એસ. સરદાર પટેલ પર રાજ્યપાલશ્રીએ ગાર્ડ નિરીક્ષણ કર્યું અને સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ વેળાએ નૌકાદળ અને સુરક્ષા કર્મીઓના ત્યાગ પ્રત્યે સન્માન અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ



નૌકાદળનું સંચાલન અને સમુદ્રની સુરક્ષામાં તેમની ભૂમિકા સમજવા આઈ.એન.એસ. બેતવા પર પ્રવાસ કર્યો હતો. રિયર એડમિરલ સતીશ વાસુદેવ તેમની સાથે જોડાયા હતા. આ કાર્યક્રમમાં પોરબંદર જિલ્લાના એન.સી.સી. કેડેટ્સ, ડિફેન્સ સિક્યોરિટી કોર્પ્સના જવાનો અને રક્ષા ક્ષેત્ર સાથે સંકળાયેલા નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાતે નૌકાદળ અને સુરક્ષા કર્મીઓની મહત્ત્વની ભૂમિકા અને તેમના કાર્યની ઝાંખી પુરી પાડી હતી.

# થરા નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા બીજા દિવસે દબાણ હટાવવાની કામગીરી કરાઈ

। (પ્રતિનિધી) થરા, તા.૧૬ ।

સમગ્ર ગુજરાતમાં દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાંથી નેશનલ હાઈવે નં.૨૭ પસાર થાય છે. અહીં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા એક કીમી લાંબો ઓવર બ્રિજ બે થી એકવીસ ફુટ ઉંચો બનાવી બંને બાજુ નગર વિસ્તારમાં અવરજવર માટે ફૂટપાથ સાથે સર્વિસરોડ બનાવવામાં આવેલ છે આ ફૂટપાથ પર લોકોએ કેબીન ગલ્લા છાપરાના દબાણ કરી પોતાનો ધંધો કે એ દબાણ કરેલ જગ્યા ભાડે આપી ફૂટપાથ પર જમાવટ કરતાં અને રખડતા ઢોરોને કારણે થરા વેપારી શૈક્ષણિક મથક હોવાથી ટ્રાફિકની વિકટ સમસ્યા જોવા મળતી હતી. ફુટપથ પરના ઢાંકણા તૂટી જતાં રિપેરિંગ કામ કરવાનું હોવાથી થરા નગર પાલિકા અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આ દબાણકર્તાઓને અનેક વાર નોટીસ આપી પણ એનકેન પ્રકારના દબાણો લાવી દબાણો દૂર કરવામાં આવતાં ન હતાં. થરા નગર પાલિકામાં તાલીમી આઈએ એસ મહિલા અધિકારી મૂકતા તેમને થરા નગરની આ સમસ્યાનો ઉકેલ લાવવા પ્રયાસ કર્યા પણ એમાં રાજકિય દખલગીરી થતાં તેવોએ હથિયાર હેઠાં મૂકેલા પરંતુ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા થરા પોલીસ મથકે બંદોબસ્ત માંગતા થરા પોલીસ મથકના


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

અધિકારીએ પોલીસ બંદોબસ્ત આપતાં ગઈકાલે થરા નગરમાં દબાણ હટાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં પહેલા દિવસે કેબિન ગલ્લાના દબાણો હટાવવાની જેસીબી મશીન દ્વારા કામગીરી શરૂ કરાઈ હતી જ્યારે ૧૪)૦૧/૨૦૨૫ના બીજા દિવસે સવારે નગર તળના હાઈ વે સ્થિત પાકી દુકાનોના દબાણ ગ્રસ્ત છજ્જા- છાપરા ઓટલા સીડી દૂર કરાયા હતા.આ અંગે સ્થાનિક કેટલાક વેપારીઓ એવો આક્રોશ વ્યકત કરતા જણાવ્યું હતુ કે અમને કોઈ જાતની નોટિસ કે સૂચન થયું નથી. થોડો સમય આપ્યો હોત તો અમે છજ્જા- છાપરા ઓટલા દૂર કરી નાખત ..રાજકિય કાવાદાવા ચાલુ થયાં હતાં ને તેમાં કાંકરેજ ધારાસભ્યએ મુખ્ય મંત્રીને લખેલ પત્ર વચ્ચે હાઈસ્કૂલ,પાલિકા રોડ પર દબાણ કેમ ના હટયા તે અંગે આક્રોશ વ્યકત કર્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. તમે જે હંમેશાં કરવા માગતા હતા.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપ વાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રવાસને કારણે રોમેન્ટિક સંબંધોને વેગ મળશે. તમને લાભ થવાની શક્યતા છે.

**ન્યૂઝ બ્રિફ**

## દ.આફ્રિકામાં ૧૦૦ જેટલા ગેરકાયદે ખાણ ખોદનારા મૃત્યુ પામ્યા

। (એજન્સી) દ.આફ્રિકા, તા.૧૬ ।

જોહાનિસબર્ગ : દક્ષિણ આફ્રિકાની બંધ થઈ ગયેલી ગોલ્ડ લાઈનમાંથી બાકી રહલું જે કૈં અને જેટલું સોનું મળી આવે, તે ખોદવા ખાણમાં ઉતરેલા ૬૦૦ જેટલા ખાણીયાઓ પૈકી ૧૦૦ તો ભૂખ-તરસથી મૃત્યુ પામ્યા હોવાનું જાણવા મળ્યું છે. ત્યાં હજી પણ બીજા ૫૦૦ ખાણીયાઓ ફસાયેલા રહ્યા છે. આ પૈકી બચી ગયેલા કેટલાક ખાણીયાઓએ બહાર આવી તેઓના મોબાઈલ-ફોન ઉપર આ માહિતી આપી હતી. જેનાં ભૂગર્ભમાં મૃત્યુ પામેલ ખાણીયાઓના મૃતદેહો, પ્લાસ્ટીકમાં વીંટાળાયેલા જોવા મળતા હતા. તેમ ''માઈનિંગ એફેકટેડ કોમ્યુનિટીઝ યુનાઈટેડ ઈન એકસન ગુપ'' દ્વારા શુક્રવારે જણાવવામાં આવ્યું હતું. પરંત તે માહિતી મોડેથી બહાર પડી છે. તે ગુપના નેતા સાબેલો મંગુનીએ વધુમાં જણાવ્યું હતું કે હજી સુધીમાં ૧૮ શબ બહાર કાઢી શકાયા છે. તે પૈકી ૯ તો તે સમાજે જ બહાર કાઢયા છે. બાકીના સરકારી કર્મચારીઓએ બહાર કાઢ્યા છે. જ્યારે બચી ગયેલા ૨૬ ને સોમવારે બહાર કાઢવામાં આવ્યા છે.પોલીસ પ્રવક્તા બ્રિગેડીયર સેબાના મોકગ્વાબોનેએ પત્રકારોને જણાવ્યુ હતું કે આટલા શબને બહાર કઢાયા છે, આટલાને બચાવી લેવાયા છે, સાથે બચાવ કાર્ય ચાલી રહ્યું છે.આ પોલીસ અધિકારીએ કહ્યું હતું કે ''વાસ્તવમાં સત્તાવાર ગોલ્ડ-માઈન કંપનીઝ દ્વારા કાયદેસર સોનું ખોદવામાં આવે પરંતુ વેઈન્સમાં સોનું લગભગ ખતમ થઈ ગયું હોવાથી તેઓ ખાણ બંધ કરી દે છે. તેની આડા પથ્થર મુકી દે છે તે પછી આ ગેરકાયદે ખાણીયાઓ મોટા પથ્થરો ખસેડી દોરડા બાંધી ખાણમાં ઉતરે છે. અને જનરેટર્સ પણ સાથે લઈ જાય છે. પરંતુ ઘણીવાર બહાર નીકળી શકતા નથી. ખાધાખોરાકી પાણી ખુટી પડતા ભુખ તરસથી મૃત્યુ પામે છે. આ કરૂણ બાબત છે. પોલીસ અનેકવાર ચેતવે છે. છતાં સમજતા નથી. પોલીસ ઉપર આવવાના તેમના દોરડા કાપી બહાર નીકળવાનો માર્ગ બંધ કરી શરણે થવાનો આદેશ આપતા કહે છે, જો શરણે થશો તો તમને બચાવી લેશું પરંતુ તેઓ સાથ આપવાને બદલે વધુ દુર ચાલ્યા જાય છે. છેવટે મૃત્યુ પામે છે. આ ઘણી દુઃખદ બાબત છે. તેઓ પાણી, ખોરાક વગેરે તો લઈ જાય જ છે. પરંતુ તે ખૂટે તો મોબાઈલ દ્વારા બહાર રહેલા તેમના સહાયકોનો સંપર્ક સાધીને પ્રાપ્ત કરે છે.''દુર્ભાગ્યે બન્યું એવું કે પોલીસને દુરથી આવતા જોઈને સહાયકો નાસી ગયા. પોલીસને કશી શંકા પહેલાં તો ગઈ નહીં. દરમિયાન પાણી વિના ત્રણેક દિવસમાં કેટલાયે મૃત્યુ પામ્યા હશે. તેમાં પોલીસનું માનવું છે કે સાથે કેટલાકને ડી-હાઈડ્રેશન પણ થયું હશે. ટૂંકમાં આવું ઘણીવાર ઘણા સ્થળોએ થાય છે જે ઘણું દુઃખદ છે. તેમ પણ પોલીસ પ્રવક્તાએ કહ્યું હતું.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં તેમના ઔપચારિક સ્વાગત પછી સિંગાપોરના રાષ્ટ્રપતિ થરમન ષણમુગરત્નમ મીડિયા સાથે વાત કરી રહ્યા છે ત્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યા હતાં.

### વીસ જાન્યુઆરીથી નવો વિભાગ કામ શરૂ કરશે

## વિદેશમાંથી આવક રળવાના ઇરાદે ટ્રમ્પ એક્સટર્નલ રેવન્યુ સર્વિસ શરૂ કરશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

યુએસના નવા ચૂંટાયેલાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોદ્દાના શપથ લેતાં પૂર્વે જ કામનો ધમધમાટ શરૂ કરી દીધો છે. મેક્સિકો અને કેનેડાને ટેરીફ લાદવાની ધમકી આપ્યા બાદ એક નવા મહત્વના એલાન અનુસાર વીસ જાન્યુઆરીથી યુએસ સરકારમાં એક નવો વિભાગ એક્સટર્નલ રેવન્યુ સર્વિસ શરૂ કરશે. આ નવા વિભાગનું કામ વિદેશોમાંથી થનારી આવક અને ટેરીફની સમયસર વસૂલાત કરવાનું રહેશે. આ વિભાગ હેઠળ કસ્ટમ, ટેરિફ અને વિદેશી સ્રોતોમાંથી થનારી અન્ય આવકને એકત્રિત કરવામાં આવશે તેમ ટ્રમ્પે તેમના પ્લેટફોર્મ ટુથ સોશિયલ પર જણાવ્યું હતું. સીએનએનના અહેવાલમાં જણાવ્યું હતું કે આ વિભાગની રચના ચીન, કેનેડા અને મેક્સિકો જેવા દેશો પર દબાણ વધારવા માટે કરવામાં આવી રહી છે. વેપારમાં અસંતુલન, માઈગ્રેશન અને કેફી દ્રવ્યોની દાણચોરી જેવા મુદ્દાઓને સુલઝાવવામાં આ વિભાગ સહાયરુપ બનશે. ટ્રમ્પનો ઈરાદો ચીન સહિત અન્ય દેશો પર ટેક્સ વધારવાનો પણ છે. ટ્રમ્પ અન્ય દેશોમાંથી થઈ રહેલી આયાત પર પણ ટેરીફ વધારવાની જાહેરાત ટૂંક સમયમાં કરશે એમ મનાય છે.ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે નબળાં વેપાર કરારને કારણે અમેરિકન ઈકોનોમી દ્વારા દુનિયાની સમૃદ્ધિ વધી છે જ્યારે અમારો ટેક્સ વધ્યો છે.

### બાંધકામ પ્રવૃત્તિ-પ્રદૂષણ ફેલાવતી ટ્રકો પર પ્રતિબંધ

## પ્રદૂષણ વધતા દિલ્હીમાં ફરી GRAP-4 નિયંત્રણ જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

દિલ્હી-એનસીઆરની હવાની ગુણવત્તા અંગેની કેન્દ્ર સરકારની સમિતિએ બુધવારે ફરી ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)ના સ્ટેજ-૪ હેઠળ નિયંત્રણ લાગુ કર્યા છે. સ્થિર પવન, નીચું તાપમાન અને ધુમ્મસની સ્થિતિને કારણે દિલ્હી, એનસીઆરમાં પ્રદૂષિત કણો એકત્ર થયા હતા અને એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) બધુવારે સાંજે ૬ વાગ્યે ૩૯૬ના સ્તરે પહોંચ્યો હતો, જે મંગળવારે ૨૭૫ હતો.ઈન્ડિયા મીટિયોરોલોજિકલ ડિપાર્ટમેન્ટ (આઈએમડી) અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટ્રોપિકલ મીટિયોરોલોજીએ ટૂંક સમયમાં એક્યુઆઈ ૪૦૦નું લેવલ વટાવશે તેવી આગાહી કરી છે. કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)એ દિલ્હી-એનસીઆરના સત્તાવાળાને તાત્કાલિક અસરથી સ્ટેજ-૩ અને ૪ હેઠળ તમામ પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. સત્તાવાર નિવેદનમાં જણાવ્યા અનુસાર ''એક્યુઆઈમાં વધુ ખરાબી ન થાય એ માટે વિવિધ એજન્સી દ્વારા GRAP શિડ્યુલ હેઠળના તમામ પગલાંનો અમલ, મોનિટરિંગ અને સમીક્ષા થવી જરૂરી છે.'' નાગરિકોને GRAP સિટિઝન ચાર્ટરમાં દર્શાવેલી માર્ગરેખાના કડક પાલન માટે વિનંતી કરવામાં આવી હતી.

### ઘર બચાવવા દર કલાકે ખર્ચ્યા ૧.૭ લાખ રૂપિયા

## આગ ઓલવવામાં લાચાર થયા અમેરિકન નાગરિકો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અમેરિકાના લોસ એન્જલસમાં ભયંકર આગએ ભારે તબાહી મચાવી છે. છેલ્લા ૯ દિવસથી સળગી રહેલી આ આગમાં અત્યાર સુધીમાં ૨૪ લોકોના જીવ ગયા છે, જ્યારે ૧૨,૦૦૦થી વધુ ઈમારતો નાશ પામી છે. સ્થિતિ એટલી હદે બગડી ગઈ છે કે એક લાખથી વધુ લોકોએ પોતાના ઘર છોડીને ભાગવું પડ્યું છે.સાથે જ આ આગના પ્રકોપ થી અમીર-ગરીબનો ભેદ પણ ભૂંસાઈ ગયો છે. આજની તારીખમાં કેલિફોર્નિયાના તે લોકો પણ જેઓ એક સમયે સંપત્તિમાં અમીર હતા, અને જેમની પાસે પહેલેથી જ મર્યાદિત સંસાધનો હતા, તેઓ બેઘર થઈ ગયા છે. પરંતુ બીજી તરફ આ આગ પૈસાની રમતનો પણ પર્દાફાશ કરી રહી છે. જ્યારે શ્રીમંત લોકો તેમના ઘરોને બચાવવા માટે ખાનગી ફાયર ફાઈટરની ભરતી કરી રહ્યા છે, ત્યારે સમાન વિકલ્પ સામાન્ય માણસ માટે માત્ર એક સ્વપ્ર છે.રિપોર્ટ અનુસાર, લોસ એન્જલસના અમીર લોકો તેના મોંઘા ઘરોને બચાવવા માટે ખાનગી ફાયર ફાઈટર સેવાઓનો સહારો લઈ રહ્યા છે. આ સેવાઓ માટે તેણે દર કલાકે લગભગ $૨,૦૦૦ (રૂ. ૧.૭ લાખ) ચૂકવવા પડે છે. આ ખાનગી ફાયરફાઈટર ટીમો, નિષ્ણાત સાધનો, ફાયટર જેલ અને પાણીની ટાંકીઓથી સજ્જ, ઘરો અને મિલકતોને બચાવવામાં સામેલ છે.આ વિનાશક આગ લોસ એન્જલસના ઉત્તરપશ્ચિમમાં પેસિફિક પેલિસેડ્સથી શરૂ થઈ હતી. શરૂઆતમાં આ આગ માત્ર ૧૦ એકર સુધી સીમિત હતી, પરંતુ જોરદાર પવનને કારણે તે આખા શહેરમાં ફેલાઈ ગઈ હતી. હવે આગ હોલીવુડ હિલ્સ જેવા મુખ્ય વિસ્તારોને પણ લપેટમાં લીધી છે.ધનિકો દ્વારા ખાનગી ફાયરફાઈટર સેવાઓનો ઉપયોગ સમાજમાં વર્ગવિભાજનની ચર્ચાને વધુ ઊંડો બનાવી રહ્યો છે. તાજેતરમાં પ્રખ્યાત મિલકત રોકાણકાર કીથ વાસરમેન અને અબજોપતિ રિયલ એસ્ટેટ ડેવલપર રિક કેરુસોએ તેની મિલકતોને સુરક્ષિત રાખવા માટે ખાનગી ફાયર ફાઈટરને રાખ્યા.

### કંપનીના સંસ્થાપકે કહ્યું- ઉદ્દેશ્ય પૂરાં થયા

## અદાણીને હચમચાવી દેનાર હિન્ડનબર્ગ રિસર્ચ ફર્મ બંધ

**વર્ષ ૨૦૨૩માં હિંડનબર્ગે ભારતના અબજોપતિ ગૌતમ અદાણી પર આરોપ લગાવતો રિપોર્ટ જાહેર કર્યો હતો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અદાણી ગ્રૂપને હચમચાવી દેનારા હિન્ડનબર્ગ રિસર્ચના સ્થાપકે પોતાની કંપની બંધ કરવાનો નિર્ણય લીધો છે. તેમણે ઠ પર એક ભાવુક પોસ્ટ દ્વારા આ માહિતી આપી. જેમાં તેમણે પોતાની યાત્રા, સંઘર્ષ અને સિદ્ધિઓ વિશે વિગતવાર જણાવ્યું.

સ્થાપક નાથન એન્ડરસને તેમના સંદેશમાં લખ્યું છે કે ગયા વર્ષના અંતમાં મેં મારા પરિવાર, મિત્રો અને અમારી ટીમ સાથે શેર કર્યુ હતું કે હું હિન્ડનબર્ગ રિસર્ચ બંધ કરવાનો નિર્ણય લઈ રહ્યો છું. અમે જે વિચારો પર કામ કરવાનું નક્કી કર્યુ હતું તે પૂર્ણ કર્યા અને અમારા ઉદ્દેશ્યો સાકાર થતાં જ અમે આજે અમારી કંપની બંધ કરવાનો નિર્ણય લઈ રહ્યા છીએ. એન્ડરસન પોતાના શરૂઆતના સંઘર્ષોને યાદ કરતા કહે છે, ''મને શરૂઆતમાં ખબર નહોતી કે સંતોષકારક રસ્તો શોધવો શક્ય બનશે કે નહીં. તે સરળ પસંદગી નહોતી, પરંતુ હું જોખમ પ્રત્યે ભોળો હતો અને ખૂબ જ ઝડપથી કામ તરફ આકર્ષી ગયો.''જ્યારે મેં કામ શરૂ કર્યુ ત્યારે મને શંકા હતી કે હું તે કરી શકીશ કે નહીં. કારણ કે મને પરંપરાગત અનુભવ નહોતો. આ વિસ્તારમાં મારા કોઈ સગા નથી. હું સરકારી શાળામાં ભણ્યો હતો. હું ચાલાક સેલ્સમેન નથી. મને પહેરવા માટે યોગ્ય કપડાંની પણ ખબર પડતી નથી. હું ગોલ્ફ રમી શકતો નથી. હું એવો સુપરહ્યુમન નથી જે ૪ કલાકની ઊંઘ પર કામ કરી શકે.નાથને લખ્યું કે હું મારી મોટાભાગની નોકરીઓમાં સારો કર્મચારી હતો, પરંતુ મોટાભાગની નોકરીઓમાં મારી અવગણના કરવામાં આવી. જ્યારે મેં આ કામ શરૂ કર્યુ ત્યારે મારી પાસે પૈસા નહોતા, અને હું ગેટમાંથી બહાર નીકળતાની સાથે જ મારા પર ૩ વાર કેસ થયો અને બાકીના પૈસા પણ ખલાસ થયા.

જો મને વિશ્વ કક્ષાના વ્હિસલબ્લોઅર વકીલ બ્રાયન વુડનો ટેકો ન મળ્યો હોત, જેમણે નાણાકીય સંસાધનોના અભાવ છતાં કેસ સંભાળ્યો હતો, તો હું શરૂઆતના તબક્કામાં જ નિષ્ફળ ગયો હોત. વર્ષ ૨૦૨૩માં હિંડનબર્ગે ભારતના અબજોપતિ ગૌતમ અદાણી પર આરોપ લગાવતો રિપોર્ટ જાહેર કર્યો હતો. એમાં લખ્યું હતું કે, 'વિશ્વના ત્રીજા ક્રમના સૌથી ધનિક વ્યક્તિ એવા ગૌતમ અદાણી કોર્પોરેટ ઈતિહાસમાં સૌથી મોટું ળોડ કરી રહ્યા છે. અદાણીએ પોતાની કંપનીઓના શેરના ભાવમાં ચેડા કર્યા છે.

### એમના સકંજાથી દેશની મુક્તિ જરૂરી : બાઈડેન

## ફેરવેલ સ્પીચમાં જો બાઈડેને અમેરિકા દેશના 'સુપર રિચ' ને ટારગેટ કર્યા

**આજના સમયમાં એક મોટી સમસ્યા ભ્રામક માહિતીઓની ભરમાર અને સાચી માહિતીનો અભાવ છે : બાઈડેન**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

અમેરિકામાંથી પ્રમુખ પદેથી ટૂંક સમયમાં વિદાય લેનારા જો બાઈડેને તેમની અંતિમ સ્પીચમાં દેશને સંબોધન કર્યુ. જેમાં ઓવલ ઓફિસથી તેમણે ફેરવેલ સ્પીચમાં દેશના સુપર રિચ ક્લાસ સામે નિશાન તાકતાં જણાવ્યું હતું કે, 'અમેરિકન સમાજમાં ધનિકોની બોલબાલા વધી રહી છે જે ખતરનાક સ્વરૂપ ધારણ કરી શકે છે.' જો બાઈડેને જણાવ્યું હતુ કે, 'હું દેશને અમુક ખતરા વિશે સાવચેત કરવા માગુ છું જે ભવિષ્યમાં તેમના માટે મોટા જોખમ પેદા કરશે. આજે ગણતરીના લોકો શક્તિશાળી બની બેઠા છે.

અમુક ધનિકોના હાથમાં જ સત્તાની ચાવી ખતરનાક માની શકાય જેથી દેશના લોકતંત્ર સામે પણ મોટું જોખમ પેદા થશે. તેનાથી પાયાના મૂળભૂત અધિકારો છીનવાઈ શકે છે કેમ કે આગળ વધવા માટે તમામને મળતા નિષ્પક્ષ અવસર ખતમ કરી દેવાશે.' ફાઈનલ સ્પીચમાં જો બાઈડેને જણાવ્યું હતું કે, 'દેશને આવા લોકોના સકંજાથી મુક્ત કરાવવો પડશે. અમેરિકા હોવાનો મતલબ એ જ છે કે તમામને નિષ્પક્ષ તકો મળે પણ તમે મહેનત કરવાનું છોડી ન દેતા કેમ કે તમારી મહેનત અને તમારી પ્રતિભા જ તમને આગળ લઈ



જશે.' વધુમાં જો બાઈડેને જણાવ્યું હતુ કે, 'આજના સમયમાં એક મોટી સમસ્યા ભ્રામક માહિતીઓની ભરમાર અને સાચી માહિતીનો અભાવ છે. આજે પ્રેસ પર ભારે દબાણ દેખાઈ આવે છે. મીડિયાની સ્વતંત્રતા ખતમ થઈ રહી છે. સંપાદક ગુમ થઈ રહ્યા છે. મને હંમેશા આશ્ચર્ય થયું છે કે આપણે ખરેખર કોણ છીએ અને આપણે શું બનવું જોઈએ.'ન્યૂયોર્કમાં સ્ટેચ્યુ ઓફ લિબર્ટીનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, 'સ્ટેચ્યુની જેમ અમેરિકાનો વિચાર ફક્ત એક વ્યક્તિની ઉપજ નથી.

**વિશેષ** | ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'નો રાજ્યવ્યાપી શુભારંભ

# આજનો દિવસ નવીન વિચારો, આઈડિયા અને સંકલ્પો સાથે દેશને ગ્લોબલ ઇનોવેશન હબ બનાવવા માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિક : શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર

। (માહિતી) ગાંધીનગર ।

'નેશનલ સ્ટાર્ટઅપ ડે- ૨૦૨૫'નો દિવસ નવીન વિચારો, આઈડિયા અને સંકલ્પો સાથે દેશને ગ્લોબલ ઈનોવેશન હબ બનાવવા માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. રાજ્યમાં શરૂ કરવામાં આવેલ SSIP 1.0માં માત્ર સાયન્સ અને ટેક્નોલોજીના વિદ્યાર્થીઓ જ ભાગ લઈ શકતા હતા, પરંતુ આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસીને વેગ આપતી SSIP 2.0 અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ તથા સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ દરેક ક્ષેત્રના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે, તેમ શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું. વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી- SSIP 2.0 અંતર્ગત 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'ની રાજ્યવ્યાપી ઉજવણી શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા દ્વારા કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈએ કહ્યું હતુ કે, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી-SSIP 2.0 અંતર્ગત વિધાર્થીઓને આપવામાં આવતી સહાય એ માત્ર આર્થિક સહાય નથી, પરંતુ તેમના સપનાઓને ઉડાન આપવાનો એક પ્રયાસ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે આયોજિત વિકસિત ભારત યંગલીડર્સ ડાયલોગ ૨૦૨૫ના સ્પર્ધકોને સંબોધતા કહ્યું હતું કે ભારતની યુવાશક્તિ દેશ માટે ઉલ્લેખનીય પરિવર્તન લાવી રહી છે. દેશના નવયુવાનો ભારતને ઝડપથી વિકસિત રાષ્ટ્ર બનાવવામાં મહત્વનો ફાળો આપી રહ્યા છે. વર્ષ ૨૦૨૨માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૬ જાન્યુઆરીને 'નેશનલ સ્ટાર્ટઅપ ડે' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. આ દિવસ ભારતમાં નવોદિત અને નૂતન વિચારોથી ભરપુર વિધાર્થીઓ થકી વિકસિત ભારતજ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા માટે મહત્વની ભૂમિકા ભજવશે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન દ્વારા વિદ્યાર્થીઓ માત્ર પોતાની માટે નહીં, પરંતુ આપણે સૌ માટેના નવીન ભારતના નિર્માતા છે. નિષ્ફળતા ભયજનક નથી પરંતુ તે શીખવા માટેની એક તક છે. તેવી જ રીતે મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓના માર્ગદર્શક એવા શિક્ષકોના યોગદાનને બિરદાવ્યું હતું. શિક્ષકોના દ્રષ્ટિકોણથી જ વિધાર્થીઓને તેમની વિચાર શક્તિને પાંખ મળે છે. શિક્ષકો વિદ્યાર્થીઓને માત્ર શીખવતા નથી, પરંતુ તેમને પ્રશ્નોના ઉકેલો શોધવા અને પદ્ધતિશીલ થવા પ્રોત્સાહિત કરે છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. આ પ્રસંગે રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું




કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત-૨૦૪૭'ના સ્વપ્નને ગુજરાત તમામ ક્ષેત્રે વિકસિત બની સાકાર કરશે. રાજ્યના વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ ક્ષેત્રે વિશ્વસ્તરે પોતાનો યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી SSIP 2.0ના મુખ્ય હેતુઓમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન દ્વારા રાજ્યના યુવાધનનું તેમની સર્જનાત્મક ક્ષમતાને વિકસાવવા માટે સશક્તિકરણ કરવું જેથી તેઓ આત્મનિર્ભર ગુજરાતના નિર્માણ માટે યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી હતી. મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, આજે ભારતની ૬૫ ટકાથી વધુ વસ્તી ગામડાઓમાં વસે છે. તેમજ બધા જ ગામોમાં ત્યાંની કોઈ લોકલ વસ્તુઓ પ્રખ્યાત હોય છે, એ પ્રખ્યાત વસ્તુઓ માર્કેટમાં વેચવાનો વિચાર આવવો એ જ સાચા અર્થમાં સ્ટાર્ટઅપ ની શરૂઆત છે, સાથોસાથ રાજ્યની તમામ શાળાના વિદ્યાર્થીઓને શિક્ષકોએ ભણતરની સાથે સાથે ઉદ્યોગ-સાહસિક થવા માટે સ્ટાર્ટઅપ અને ઈનોવેશનનો પણ ખ્યાલ આપવો જોઈએ કારણ કે, આજના સમયમાં વિદ્યાર્થી સ્ટાર્ટઅપ દ્વારા સારી આજીવિકા મેળવી શકે છે.

મંત્રી શ્રી પાનશેરીયાએ ઉમેર્યુ હતું કે, આજના સમયમાં ગૌ-મૂત્ર આધારિત દવાઓ તેમજ અગરબત્તીનો બનાવવામાં આવી રહી છે. આજે ગુજરાતના કેટલાક ગામોમાં સ્ટાર્ટઅપની મદદથી પ્રાકૃતિક ખેતીની પ્રોડેકટનો યોગ્ય પેકિંગ કરીને માર્કેટમાં વેચી સારી આજીવિકા મેળવી રહ્યા છે. મંત્રીશ્રીએ સ્ટાર્ટઅપના અનેક ઉદાહરણ આપી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આવનારા સમયમાં સ્ટાર્ટઅપની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપ્યું હતું. સંકુલ ઓફ PMUના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ એડવાઈઝર શ્રી અંકિત ઠાકોરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સપનાને પાંખો આપવાનું ઉમદા કાર્ય શિક્ષણ વિભાગ કરી રહ્યું છે. વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ક્ષેત્રે વધુ પ્રોત્સાહન આપવા PMU દ્વારા ચાર જિલ્લાઓમાં વર્કશોપ યોજવામાં આવ્યો હતો. સાથે જ, PMU દ્વારા સ્ટાર્ટઅપ કરતા વિદ્યાર્થીઓની સતત મોનિટરીંગ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

આ પ્રસંગે મંત્રીશ્રીઓના વરદ હસ્તે સ્ટાર્ટઅપ માટે ૧૧૦ જેટલા સાહસિક વિદ્યાર્થીઓ પૈકી ૧૦ને પ્રતિકાત્મક રૂપે પ્રતિ વિદ્યાર્થી રૂ. ૨૦,૦૦૦નો ચેક, 'ઝીરો ટું વન' પુસ્તક અને પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સાથે જ, સ્કૂલ ઓફ કમિશનર હેઠળના PMU દ્વારા વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ પોતાના સ્ટાર્ટઅપ અંગે નવા વિચારો રજૂ કરી શકશે. સાથે જ, તેમના વિચારોનું રાજ્યકક્ષાએ મોનિટરીંગ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં કમિશનર ઓફ સ્કૂલના સંયુક્ત નિયામક શ્રી મેહુલ વ્યાસે શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે શિક્ષણ વિભાગના નિયામક શ્રી પી.આર. રાણા, કમિશનર ઓફ સ્કૂલના સંયુક્ત નિયામક શ્રી વાય. એસ. ચૌધરી, સમગ્ર શિક્ષાના સ્ટેટ પ્રોજક્ટર ડાયરેક્ટર શ્રી લલિત નારાયણસિંહ સાંધુ, શિક્ષણ વિભાગના અધિકારી- કર્મચારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત વર્ચ્યુઅલી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

## દરેક પોલીસ સ્ટેશનમાં શરૂ કરવામાં આવશે 'સાંત્વના કેન્દ્ર'

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસ રાજ્યના નાગરિકો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો(સિનીયર સિટીઝન)ની સુરક્ષા અને સલામતી માટે સતત પ્રયત્નશીલ છે. રાજ્યની મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે એક નવી પહેલ કરતાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે દરેક પોલીસ સ્ટેશનમાં 'સાંત્વના કેન્દ્ર' શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સાંત્વના કેન્દ્ર' એક એવું સ્થળ હશે જ્યાં પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવામાં આવશે. તેમની મુશ્કેલીઓને સમજીને યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ કેન્દ્રોમાં વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, ૧૮૧-અભયમ અને PSBSS(પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર) જેવી વિવિધ સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ બનશે.

"સાંત્વના કેન્દ્ર"માં વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, ૧૮૧-અભયમ અને PSBSS(પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર) આ ચારેય વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવશે. વર્તમાનમાં કાર્યરત આ ચારેય વ્યવસ્થાઓ એકબીજા સાથે સંકલનમાં રહીને કામગીરી કરે તે હેતુથી રાજ્યના દરેક પોલીસ સ્ટેશનમાં "સાંત્વના કેન્દ્ર" શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે.

પોલીસ સ્ટેશનોમાં આ ચાર સેવાઓ એક જ છત નીચે "સાંત્વના કેન્દ્ર"માં ઉપલબ્ધ બનશે. ★ વુમન હેલ્પ ડેસ્કઃ વુમન હેલ્પ ડેસ્ક પોલીસ સ્ટેશનમાં આવતી મહિલાઓને મદદરૂપ થવા તેમજ કાઉન્સેલીંગ કરવાની કામગીરી કરતી હોય છે. ★ ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસરઃ

ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ

ઓફીસર પોલીસ સ્ટેશનમાં આવતા કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોનું કાઉન્સેલીંગ કરતા હોય છે.★૧૮૧-અભયમઃ ૧૮૧-અભયમની વ્યવસ્થાના માધ્યમથી મહિલાઓની સલામતી અને સુરક્ષા અંગેની કામગીરી થાય છે. ★ PSBSS (પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર): PSBSS પીડિત મહિલા તથા સામાવાળા પક્ષના સભ્યોનું કાઉન્સેલીંગ કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની કામગીરી કરે છે.

'સાંત્વના કેન્દ્ર'ના મુખ્ય ઉદ્દેશ્યોઃ

★ પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને સિનીયર સિટીઝનને યોગ્ય રીતે, સંવેદનશીલતા અને સહાનુભુતિ સાથે સાંભળવા.★ તેઓની મુશ્કેલીઓને સાંભળી યોગ્ય કાયદાકીય માર્ગદર્શન આપવું. ★ જ્યાં જરૂર જણાય ત્યાં યોગ્ય કાઉન્સેલીંગ કરવું. ★ પોલીસ સ્ટેશનોમાં જ્યારે બાળકો, મહિલાઓ અને સિનીયર સીટીઝનો આવે ત્યારે તેમને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને જે કામ માટે તેઓ પોલીસ સ્ટેશનમાં આવ્યા હોય તે કામ ત્વરીત પુર્ણ થાય તે અંગે કાર્યવાહી કરવી.

આ સાંત્વના કેન્દ્રની કામગીરી ઉપર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર/પોલીસ સબ ઈન્સ્પેકટર અંગત ધ્યાન આપી સુચવવામાં આવેલી કામગીરી તેઓ યોગ્ય રીતે કરે તે સુનિશ્ચિત કરવા રાજ્યના પોલીસ વડાએ સુચનાઓ આપી છે.

વડનગરના ૨૫૦૦ વર્ષના ઈતિહાસને જાણી શકાશે । અમિત શાહે કહ્યું કે વડનગરના ૨૫૦૦ વર્ષના ઈતિહાસને પ્રત્યક્ષ અનુભવવાનો મળશે અવસર

# ગૃહપ્રધાન અમિત શાહે આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમનું લોકાર્પણ કર્યું









। (એજન્સી) વડનગર, તા.૧૬ ।

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે આજે વડનગરમાં ખાતે આવેલા પુરાતત્ત્વ પ્રાયોગિત સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું છે. ૨૯૮ કરોડના ખર્ચે નિર્મિત આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમનું લોકાર્પણ કર્યું છે. "અનંત અનાદિ વડનગર". એ નગર કે જે ભારતના સૌથી પ્રાચીન નગરોમાંથી એક મનાય છે. ગુજરાતની ઐતિહાસિક નગરી તરીકે પ્રસિદ્ધ વડનગરમાં હવે ભવ્ય ઈતિહાસની ઝાંખીની જોવાની તક મળવાની છે. વડનગરમાં દેશનું પહેલું અને વિશ્વનું બીજું સૌથી મોટું આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ તૈયાર થઈ ચુક્યું છે. "એક્સપિરિયન્સ" મ્યુઝિયમની વિશેષતા જ એ છે કે તમને અહીં માત્ર ઈતિહાસ જાણવા નથી મળતો પરંતુ તેને અનુભવવાની તક મળે છે. પ્રાચીન કાળમાં વડનગર એ અનર્તપુર અને આનંદપુર જેવા નામોથી પ્રસિદ્ધ હતું. કહે છે કે સાત અલગ-અલગ "કાળખંડ"માં અહીં સાત અલગ-અલગ રાજવંશોએ શાસન કર્યું. મ્યુઝિયમમાં આ તમામ વિગતો જાણવા મળે છે. આ સાથે જ તે સાત કાળખંડની માટીઓને સ્પર્શવાનો અવસર મળે છે. લોકો વડનગરના ઈતિહાસને નજીકથી સમજી શકે તે માટે વડનગરની ઉત્ખનન સાઈટની બરાબર બાજુમાં આ મ્યુઝિયમ તૈયાર કરાયું છે. અને ખોદકામમાં મળેલા ઐતિહાસિક પુરાવાઓને મ્યુઝિયમમાં મુકવામાં આવ્યા છે. ખોદકામ દરમિયાન મળેલા લગભગ ૫ હજાર જેટલાં પ્રાચીન અવશેષો મ્યુઝિયમમાં ગોઠવવામાં આવ્યા છે. તેને તેના મૂળ રૂપમાં સાચવવાનો પ્રયાસ કરાયો છે. પ્રાચીન કાળમાં વડનગર પ્રમુખ વેપારી કેન્દ્રોમાંથી એક હતું. અને એટલે જ હિન્દુ, બૌધ, જૈન અને ઈસ્લામ ધર્મના સંગમનું એક જીવંત કેન્દ્રબિંદુ બન્યું હતું. સદીઓ પૂર્વે અહીં જીવન કેવું હતું.. લોકોની રહેણી-કરણી કેવી હતી. વિવિધ કાળખંડમાં કેવી ઈંટોથી મકાનો બનતા તેની માહિતી અહીં લોકોને ઉપલબ્ધ બનશે. આ પહેલું એ પ્રકારનું સંગ્રહાલય છે કે જેને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે રાજ્યના પુરાતત્વ અને સંગ્રહાલય નિદેશાલયના સહકારથી તૈયાર કર્યું છે. ૨૧ મીટર ઊંચાઈના ૩૨૬ પીલ્લર પર ઊભેલા ૪ માળના આ ભવ્ય મ્યુઝિયમને તૈયાર કરવામાં આવ્યુ છે. હાઈ ટેક્નોલોજીની મદદ લેવાઈ છે. માહિતીઓને શક્ય તેટલી ડિજિટલ કરવાનો પ્રયાસ કરાયો છે. જેથી સંશોધકોને અને યુવા વિદ્યાર્થીઓને મોટાપાયે તેનો લાભ મળી શકે. મ્યુઝિયમ અલગ-અલગ કાળની કલા, શિલ્પો અને સ્થાપત્યની માહિતી ઉપલબ્ધ કરાવે છે. વડનગરમાં ખોદકામ દરમિયાન પુરાતત્વ વિભાગને બૌદ્ધ મઠોના પણ અવશેષો મળ્યા છે. છેલ્લાં ૨૫૦૦ વર્ષથી આ શહેરમાં સતત માનવજીવન ધબકતું રહ્યું છે અને વિકસીત થતું રહ્યું છે.

ગુજરાત એસ.ટીની ૮ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત

# GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઇલ એપ્લિકેશન દ્વારા મુસાફરો માટે બસનું લાઈવ ટ્રેકિંગ બન્યું વધુ સરળ

### ગુજરાતના ૭.૫ લાખ જેટલા મુસાફરો કરી રહ્યા છે, GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૬ ।

મુસાફરોને એક રાજ્ય માંથી બીજા રાજ્યમાં, એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં તેમજ પોતાના ગંતવ્ય સ્થાનથી બીજા સ્થાને સલામત અને સમયબદ્ધ રીતે પહોચાડવા ગુજરાત એસ. ટીની બસો કાર્યરત છે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત એસ.ટી નિગમમાં અનેક આમૂલ પરિવર્તન કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશન' મારફતે મુસાફરોને બસનું લાઈવ ટ્રેકિંગ કરવું વધુ સરળ બન્યું છે, આજે ગુજરાતની ૮ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત છે, જેનો ગુજરાતના ૭.૫ લાખ કરતા વધુ મુસાફરો ઉપયોગ કરી રહ્યા છે, તેમ ગુજરાત રાજ્ય માર્ગ



વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે. GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનમાં મુસાફરો બસ નંબર અથવા PNR No.ની મદદથી બસનું લાઈવ લોકેશન જોઈ શકે છે. એપ્લિકેશનમાં મુસાફરે બેસવા અને ઉતારવાની વિગતો ભરી તે રૂટ પર સંચાલિત તમામ બસોનું લાઈવ લોકેશન મેળવી શકે છે. મહિલા અને વયોવૃદ્ધ મુસાફર એકલા મુસાફરી કરતા હોય તેવા સમયે ઘરના સભ્યો દ્વારા બસનું લાઈવ લોકેશન ટ્રેક કરી બસનો પહોંચવાનો સમય જાણી શકે છે. આ એપ્લિકેશન મારફતે મુસાફરો બસનું લાઈવ લોકેશન જાણી બસ સ્ટેશન પર પહોચવાનું યોગ્ય આયોજન કરી પોતાના સમયની બચત પણ કરી શકે છે.

બસોમાં મુસાફરી કરતા મુસાફરોને બસનું લાઈવ લોકેશન મળી રહે તેમજ પરિવહન વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે, GSRTC દ્વારા GSRTC Live Tracking Android અને iOS મોબાઈલ એપ્લિકેશન મુસાફરોની સેવામાં કાર્યરત છે, જેમાં ૭.૧૯ લાખ મુસાફરો GSRTC Live Android Application તેમજ ૪૧ હજારથી વધુ મુસાફરો દ્વારા GSRTC Live iOS Applicationનો ઉપયોગ કરી રહ્યા છે, તેમ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

## હસમુખભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં દિવ્યાંગોના સીએસઆર કાર્યક્રમનું આયોજન કુબેરનગર ખાતે કરાયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત દ્વારા દિવ્યાંગોના સીએસઆર કાર્યક્રમનું આયોજન ITI કુબેરનગર કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. CSR યોજના હેઠળ, અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર અને નેશનલ કેરિયર સર્વિસ સેન્ટરના સહયોગથી દિવ્યાંગો માટે મફત સહાયક ઉપકરણોના વિતરણ માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ તેમજ ધારાસભ્ય ડૉ. પાયલબેન કૂકરાનીના હસ્તે ૧૬૩ દિવ્યાંગજનોને ૫૩,૨૨,૫૬૧/- રૂપિયાના ૨૨૪ સહાયક ઉપકરણોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલલેખનીય છે કે, આ કાર્યક્રમમાં, ALIMCO દ્વારા ઉત્પાદિત વિવિધ દિવ્યાંગ શ્રેણીઓના સહાયક ઉપકરણોનું વિતરણ પહેલાથી ઓળખાયેલા વિકલાંગ વ્યક્તિઓને કરવામાં આવ્યું હતું, જેમાં



બેટરી સંચાલિત મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ, સ્પોર્ટ્સ વ્હીલચેર, ઈલેક્ટ્રિક વ્હીલચેર, ટ્રાઈસિકલ, વ્હીલચેર, CP ખુરશી, ક્રુચ, શ્રવણ સહાય, જરૂરિયાતમંદ બાળકો માટે TML કીટમાં સાધનો વગેરેનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના જનરલ મેનેજર શ્રી શૈલેન્દ્રસિંહ જાડેજા, શ્રીમતી હેતલબેન પટેલ, જિલ્લા સામાજિક સુરક્ષા અધિકારી, જિ. અમદાવાદ, શ્રી એમ.આર.પુરાણી નાયબ નિયામક (તાલીમ), શ્રી પરવેઝ આલમ સહાયક નિદેશક (રોજગાર), NCSC -DA, ALIMCO ઉજ્જૈનના શ્રી મૃદુલ અવસ્થી, જુનિયર મેનેજર અને શ્રી અનુજ ધાકડ તેમજ શહેરના અન્ય મહાનુભાવો અને સામાજિક કાર્યકરોની હાજરીમાં યોજાયો હતો.

અકોટા પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી

## કારમાં ચિક્કાર નશાની હાલતમાં મળ્યા પાદરાના નાયબ મામલતદાર

। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।

વડોદરા શહેરના જેતલપુર બ્રિજ પાસે રોડ સાઈડમાં પડેલી એક કારમાં નશો કરેલી હાલતમાં નાયબ મામલતદાર મળી આવતા ચકચાર મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતા અકોટા પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ વડોદરા જિલ્લા કલેક્ટર દ્વારા કડક કાર્યવાહી કરી દારૂડીયા નાયબ મામલતદારને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

વડોદરા શહેરમાં એક તરફ લોકો ઉતરાયણની ઉજવણી કરી રહ્યા હતા. તો બીજી તરફ ડેપ્યુટી મામલતદાર નશો કરેલી હાલતમાં કાર ચલાવીને અકસ્માત સર્જ્યો હતો. પાદરાના નાયબ મામલતદાર નરેશ વણકરે નશો કરેલી હાલતમાં ગાડી હંકારીને જેતલપુર બ્રિજ પાસે રોડ સાઈડમાં કાર અથડાયા પછી ગાડી ફસાઈ ગઈ હતી ત્યારબાદ પીધેલી હાલતમાં કારચાલક ગાડીમાં જ બેભાન અવસ્થામાં પડી રહ્યો હતો.

આ બનાવ અંગેની જાણ પોલીસ કંટ્રોલ રૂમમાં કરવામાં આવતા અકોટા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને નાયબ મામલતદાર નરેશ વણકરની ધરપકડ કરી હતી. પાદરાના નાયબ મામલતદાર નરેશ વણકરને ફરજ મોકૂફ કરવાનો વડોદરા જિલ્લા કલેકટર દ્વારા નિર્ણય લેવાયો હતો.

પોલીસે ગાડીની તપાસ કરી હતી પરંતુ દારૂની કોઈ બોટલ મળી ન હતી પરંતુ તેની ગાડીમાંથી ડેપ્યુટી મામલતદાર એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટના નામની પ્લેટ મળી આવી હતી ત્યારબાદ તેને ભાન આવતા પોલીસ તેને જીપમાં પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. ત્યારબાદ જાણવા મળ્યું હતું કે પાદરા ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવે છે.

## જાફરાબાદના ચિત્રાસરમાં દીપડાએ સાત વર્ષની બાળકીનો શિકાર કર્યો

। (એજન્સી) અમરેલી, તા.૧૬ ।

અમરેલી જિલ્લામાં સિંહ તથા દીપડાની વસ્તી વધવા સાથે આ શિકારી પ્રાણીઓ દ્વારા માનવ પર હુમલાના બનાવો પણ વધ્યા છે. જાફરાબાદ તાલુકામાં ચિત્રાસર ગામની સીમમાં સાત વર્ષની દીકરીનો દીપડા શિકાર કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં દીકરીનું મોત થયું છે.ચિત્રાસર ગામની સીમમાં જોધુભાઈ બાંભણીયા તેમના પત્ની અને સાત વર્ષની દીકરી સાથે કપાસ વીણી ઘરે આવવા માટેની તૈયારીઓ કરતા હતા. દરમિયાન દીપડો આવ્યો હતો અને બાળકીને ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી છૂટ્યો હતો. બાદમાં બાળકીને સારવાર માટે જાફરાબાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બાળકીને ગંભીર ગળાના ભાગે ઈજાઓ હોવાને કારણે મોત થયું હોવાનું ફરજ પરના ડોકટરે જાહેર કર્યું હતું.ઘટનાની જાણ થતાં સ્થાનિક આર.એફ.ઓ. જી.એલ.વાઘેલા સહિત વનવિભાગની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ત્યારબાદ હોસ્પિટલમાં મૃતકના પરિવાર પાસે પહોંચી હતી. પંચનામું સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.વનવિભાગે દીપડાને પકડવા માટે સાતથી વધુ ટીમો તૈનાત કરી છે અને પરિવારને સરકારી વળતર આપવાની ખાતરી આપી છે.

ભોગ બનનારે દાહોદ સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી

## ડીલરશીપની લાલચે દાહોદમાં ૮૨.૮૬ લાખ પડાવનારા બે સગીર પકડાયા

। (એજન્સી) દાહોદ, તા.૧૬ ।

એથર ઈલેક્ટ્રીક વ્હીકલ કંપનીનું બોગસ વેબપેજ બનાવી દાહોદના એક વ્યક્તિને ડીલરશીપ આપવાની લાલચ આપી રૂપિયા ૮૨.૮૬ લાખ ઉપરાંતની ઠગાઈ કરનાર બે સગીર વયના સાયબર ફ્રોડસ્ટરને દાહોદ સાયબર ક્રાઈમ પોલીસે બિહાર શરીફ (નાલંદા) થી ઝડપી પાડ્યાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. બિહારના બે સગીર સાયબર ફ્રોડસ્ટરે એથર ઈલેક્ટ્રિક વ્હીકલ કંપનીનું બોગસ વેબપેજ બનાવી દાહોદના એક વ્યક્તિને ડીલરશીપ આપવાની લાલચ આપી હતી. અને તે વ્યક્તિ પાસેથી અલગ અલગ પ્રોસેસ ફીના નામે અલગ અલગ સમયે રૂપિયા ૮૨,૮૬,૫૧૪/-પડાવી લીધી હતી. ત્યારબાદ તે વ્યક્તિને ડીલરશીપ ન આપતા અને તે વ્યક્તિએ આપેલ પૈસા પણ તે વ્યક્તિને પરત ન કરતા આખરે સગાઈનો ભોગ બનેલા તે વ્યક્તિએ દાહોદ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમ પોલીસે ઠગાઈનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

જિલ્લા પોલીસ વડા ડૉ. રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સને ટેકનિકલ સર્વિલન્સના આધારે બંને સગીર સાયબર ફ્રોડસ્ટરોને બિહાર શરીફથી ઝડપી પાડ્યા હતા. અને બંને આરોપીઓ પાસેથી પોલીસે રૂપિયા પાંચ લાખ રોકડા, એક ફોરવીલ ગાડી, પાંચ મોબાઈલ ફોન, ત્રણ એટીએમ કાર્ડ, સાત બેંક પાસબુક, એક ચેકબુક, એક ડોંગલ સહિત કુલ રૂપિયા ૧૩.૧૨ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે. સાઈબર ક્રાઈમમાં હવે સગીર વયના બાળકો પણ સંડોવાઈ રહ્યા છે. જે ખરેખર એક ચિંતાજનક બાબત છે.

આસપાસના લોકોએ કૂતરાના મોઢામાંથી છોડાવ્યો

## સુરતમાં નવ વર્ષના બાળકને રખડતા કૂતરાંએ ફાડી નાંખ્યો

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

સુરતના છેવાડે હજીરા પાસે કવાસમાં બુધવારે સવારે ૯ વર્ષના બાળક ઉપર એક રખડતા કૂતરાએ જીવલેણ હુમલો કરીને ડાબા હાથ અને ખભાના ભાગને ફાડી ખાધો હતો. આસપાસના લોકોનું ધ્યાન પડતાં જ તુરંત તેને છોડાવીને ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર માટે ખસેડ્યો હતો. સુરત અને આસપાસના વિસ્તારમાં રખડતા કૂતરાઓનો ત્રાસ હજી અકબંધ છે. ડોગ બાઈટના નાના કિસ્સા તો ઠીક પરંતુ સમયાંતરે કૂતરાના હિંસક હુમલાની ઘટનાઓ સતત સામે આવી રહી છે. બુધવારે વાસી ઉત્તરાયણના દિવસે સુરતના છેવાડે આવેલા હજીરા પાસે કવાસમાં આવી જ એક રખડતા કૂતરાએ કરેલા હિંસક હુમલાની ઘટના સામે આવી હતી.નવી સિવિલ હોસ્પિટલમાં આ ૯ વર્ષીય બાળકની સારવાર કરતાં ડૉક્ટર આરતીએ બાળકની સ્થિતિ વિશે જણાવતાં કહ્યું કે, આજે સવારે ધોરણ-૪માં ભણતા મયુર રાજુભાઈ મેડાને ૯ વાગ્યે સિવિલમાં સારવાર માટે લાવવામાં આવ્યો હતો. તે SPCL કંપની પાસે ઝૂંપડપટ્ટીમાં રહે છે. તેના ઘરની નજીક જ રમતા-રમતા વોશરુમ માટે ગયો હતો ત્યાં રખડતા કૂતરાએ તેને બચકાં ભર્યાં હતાં. આ હુમલામાં તેને ગળાના ભાગે, પીઠ અને હાથ ઉપર ખૂબ ઊંડા ઘા લાગ્યા છે. તાત્કાલિક તો આ ઘા ઉપર હાલ ટાંકા લગાવ્યા છે. છતાં હજી તેની સારવાર પૂરી નથી, ઓપરેશનની પણ જરૂર પડશે.વધુમાં તેમણે જણાવ્યું કે, આ બાળક ઉપર કૂતરાએ હુમલો કર્યો ત્યારે સદનસીબે નજીકમાંથી પસાર થતા લોકોનું ધ્યાન પડતાં જ તુરંત મયુર પાસે દોડી ગયા હતા અને તેને કૂતરાના મોઢામાંથી છોડાવ્યો હતો નહીં તો બાળકનો જીવ પણ ચાલ્યો જતે. ગંભીર ઈજાઓના કારણે ૧૦૮ મારફતે તુરંત જ તેને સિવિલ લાવવામાં આવ્યો હતો. આ "ડોગ બાઈટ" કેટેગરી-૩માં આવે છે. આ બાઈટ ગંભીર હોવાના કારણે તાત્કાલિક તેની પ્રાથમિક સારવાર હાથ ધરીને તેને ઈન્જેક્શન આપવામાં આવ્યું છે. હજુ પણ તેની સારવાર ચાલુ છે. મયુરના પિતા રાજુભાઈ મેડા મજૂરી કામ કરે છે. આ હૃદયદ્રાવક ઘટનાના કારણે હજુ પણ આઘાતમાં છે.ઉલ્લેખનીય છે કે, સુરત શહેર અને આસપાસના વિસ્તારમાં રખડતા કૂતરાના હુમલાને કારણે છેલ્લા દોઢ વર્ષમાં છ મોત નોંધાયા છે. સંખ્યાબંધ કિસ્સામાં બાળકોને ખૂબ કટોકટ સ્થિતિમાંથી ઉગારવામાં આવ્યા હતાં.

એકનું મોત બીજો ગંભીર

## સુરતમાં ઓવરબ્રિજ ઉપરથી મોપેડ સાથે બે યુવાન પટકાયા

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

ગઈકાલે મોડીરાતે સુરતના કતારગામ વિસ્તારમાં ઓવરબ્રિજ ઉપરથી મોપેડ લઈને જઈ રહેલા બે યુવાનો મોપેડ સાથે ૩૦ ફૂટ ઉપરથી બ્રીજ નીચે પટકાયા હતાં. એકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. બીજાની હાલત કટોકટ છે. બેફામ સ્પીડમાં જતી વખતે મોપેડનું સ્ટિયરિંગ હાથમાંથી છૂટી ગયું હતું અને બ્રીજની રેલિંગ સાથે અથડાઈને બંને નીચે પટકાયા હતા. મોપેડની પાછળ બેઠેલો યુવક સાજિદ હુસૈન સૈયદનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું અને ચાલક યુસુફ ઈમરાન શાહની હાલત ગંભીર છે. આ અકસ્માતના સીસીટીવી પણ સામે આવતા લોકો પણ ચોંકી ઉઠ્યા હતાં.ઘટનાના બહાર આવેલા ઝઝૂફમાં દેખાતાં દૃશ્યો મુજબ શહેરના કતારગામ દરવાજા વિસ્તારમાં ઓવરબ્રિજ પરથી મોપેડ ઉપર બે યુવક પસાર થઈ રહ્યાં હતા. મોપેડ ચાલક ઓવરબ્રિજ પર બેફામ સ્પીડમાં જઈ રહ્યો હતો, એક હાથ સ્ટિયરિંગથી છોડીને ચલાવવા જતાં હેન્ડલ પરનો કાબૂ ગુમાવ્યો હતો. પહેલાં તો તેનું મોપેડ બ્રિજના ડિવાઈડર સાથે અથડાયું હતું, ત્યાંથી બ્રીજની પેરાપેટ વોલ સાથે અથડાઈને સીધું જ ૩૦ ફૂટ નીચે જમીન ઉપર પટકાયું હતું.મોપેડ સાથે ચાલક અને તેની પાછળ બેઠેલો યુવક પણ ઓવરબ્રિજની નીચે પટકાયા હતા. આ બંને યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને માથાના ભાગે પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. મોપેડની પાછળ બેઠેલા સાજિદ હુસૈન સૈયદનું તો ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે મોપેડ ચલાવતો હતો તે યુસુફ ઈમરાન શાહ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. હાલ તેની પણ સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. મૃતક યુવકને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.કતારગામ પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે. મૃતક કતારગામ વિસ્તારના સાબરીનગરમાં રહેતો હતો અને મૂળ બિહારનો વતની છે. તેના બનેવી સુરતમાં રહેતા હોવાથી અહીં આવ્યો હતો. વતનમાં કામ ન હોવાને કારણે રોજગારી મેળવવા માટે ૭ દિવસ પહેલાં જ સુરત આવ્યો હતો. ઈજાગ્રસ્ત મોપેડ ચાલક ભાઠેના વિસ્તારનો રહેવાસી છે. રાત્રે વેડરોડથી ભાઠેના વિસ્તાર તરફ આવી રહ્યા હતા, એ વખતે આ ઘટના બની હતી. ઉત્તરાયણને કારણે ઓવરબ્રિજ પર વાહન ઓછા હતાં એટલે મોજ માટે ઝડપથી મોપેડ હંકારવા જતા કાળ ભેટી ગયો હતો.